
सत्यनारायणनी कथा.



सत्यनारायणनी कथा

(વાંચો) સચિત્ર ધામીક પુસ્તકો.

નરસીંહ મહેતો ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦

મીરાંબાઇ ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦

રામલીલા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦

વીણાવેલી ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦

સતિ દ્રૌપદી સંપૂર્ણ
સચિત્ર ૦-૧૦-૦

મદાલસા ભાગ ૧-૨ સંપૂર્ણ
સચિત્ર ૦-૧૦-૦

રાજ કડીઆરો સંપૂર્ણ
સચિત્ર ૧-૪-૦

રક્ષક કે ભક્ષક ? ૦-૧૦-૦

સતિ સીતા સચિત્ર ૦-૧૦-૦

પતિનારાયણ વ્રત
સચિત્ર ૦-૬-૦

સત્યનારાયણની કથા
સચિત્ર ૦-૬-૦

સત્યવાદી હરિશ્ચંદ્ર
સચિત્ર ૦-૮-૦

કામલત્તા સચિત્ર ૦-૮-૦

ચિતોડનો કરણ સચિત્ર
કીં. ૦-૮-૦

પ્રતાપી પ્રમિલા સચિત્ર
કીં. ૦-૮-૦

રૂષિરાજનાં પદ સચિત્ર
કીં. ૦-૮-૦

ચતુર સ્ત્રી વિલાસ
ગરબાવળી (લગનનાં ગીત સાથે) સચિત્ર ૦-૮-૦

જુલમી જનેતા યાને પરિવર્તન
સચિત્ર ૦-૧૦-૦

હિંદુ સંસાર સચિત્ર ૦-૧૦-૦

જીવતી ચુડેલ સચિત્ર ૦-૮-૦

રાજા હરિશ્ચન્દ્ર કવિતામાં
સચિત્ર ૦-૬-૦

ઓડાણા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૬-૦

પવિત્રકુમાર સચિત્ર ૦-૧૦-૦

પૂજામાં ઉપયોગી સામગ્રી.

સત્યનારાયણની પૂજા કરનાર ગૃહસ્થે શ્રીસત્યનારાયણની પૂજા માટે નીચે પ્રમાણે સામગ્રી કરવીઃ—મંડપ માટે કેળના થાંભલા, મંડપની આસપાસ બાંધવા માટે આંબાનાં પાંદડાનું તોરણ, પીંપળો, ઉંબરો, વગેરે પાંચ જાતનાં વૃક્ષનાં પલ્લવો, ગોળ, નૈવેદ્ય માટે, લક્ષ્મી તથા સત્યનારાયણની સુવર્ણ મુર્તિ, ત્રાંબાનો કળશ, પંચપાત્ર, તરભાણું, આચમની, જનોઇના બે જોટા, પાંચ જાતનાં રત્નો તરીકે સુવર્ણ મુદ્રા, રૂપાનાણું અથવા તો તાંબાનાણું વસ્ત્ર તથા ઉપવસ્ત્ર, ચોખા, ઘઉં, કુંકુમ, અબીલ, દુર્વા, ગુલાલ, વર્ધોષધિ, ધુપ, પુષ્પો, હળદરના ગાંઠીઆ, નાડું, એક હજાર ને એક તુલસીદલ, નાળીયેર, પાન, સોપારી, પાવલાના પૈસા, કેળાં વગેરે ફળો, પુષ્પની બે માળા, રૂમાલ, દુધ, દહીં, ઘી, મધ તથા સાકર પુણ્યાહવાચન માટે એક ત્રાંબાનો કળશ, શ્રીલક્ષ્મીનારાયણને પધરાવવા માટે બાજઠ, નૈવેદ્ય માટે સવાશેર ઘી, સવા શેર સાકર, સવા શેર દુધ. સવા શેર ઘઉંનો રવો તથા સવા શેર કેળાં, આ પ્રમાણે સર્વ સામગ્રી કરવી કે જેથી સત્યનારાયણ દેવની પૂજામાં વિઘ્ન આવે નહિ. નમસ્કાર કર્યા પછી બે હાથ જોડાની નિચેના આચાર્યે મંત્રો બોલવા.

ॐ श्रीमन्महागणपतये नमः श्रीगुरुभ्यो नमः। श्रीलक्ष्मी नारायणाभ्यां नमः श्रीकुलदेवताभ्योनमः। श्रीइष्टदेवताभ्यो नमः श्रीग्राम्यदेवताभ्यो नमः। श्रीसर्वेभ्यो ब्राह्मणेभ्यो नमः।

ॐ सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः॥ लंबोदरश्च विकटोविघ्ननाशो विनायकः ॥१॥ धूम्रकेतुर्गणाध्यक्षो भालचंद्रो गजाननः द्वादशैतानि नामानि यः पठेच्छृणुयादपि ॥२॥ विद्यारंभे विवाहे च प्रवेशे निर्गमेतथा ॥ संग्रामे संकटे चैव विघ्नस्य न जायते ॥३॥ शुक्लांबरधरं देवं शशिवर्णं चतुर्भुजं ॥ प्रसन्न वदनं ध्यायेत्सर्वविघ्नोपशांतये ॥ ४ ॥ अभीप्सितार्थसिद्ध्यर्थं

पुजितो यः सुरासुरैः ॥ सर्वविघ्नहरस्तस्मै गणाधिपतये नमः॥ ॥५॥ चक्रतुंड महाकाय सूर्यकोटिसमप्रभं ॥ निर्विघ्नं कुरुमे देव सर्वकार्येषु सिद्धिदः॥६॥सर्वमंगलमांगल्ये शिवे सर्वार्थसाधिके॥ शरण्ये त्र्यंबक गौरि नारायणि नमोस्तु ते॥७॥ लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः ॥ येषामिन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः ॥८॥ सर्वेष्वारंभकार्येषु त्र्यस्त्रिभूधनेश्वराः ॥ देवा दिशंतु नः सिद्धिं ब्रह्मेशानजनार्दनाः

પૂજાનો વિધિ.

अत्राद्य महामांगल्यफलप्रदे मासोत्तमे मासे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकनक्षत्रे ॥ ममसकल दुरितोपशमन सर्वापच्छांतिपुर्वकसकलमनोरथसिद्ध्यर्थं यथासंपादितसाम्ग्या गणेश गौरिवरुणब्रह्मादिविष्णुरुद्रलक्ष्मीसूर्यादिनवग्रहदेवतेंद्राद्यष्टलोकपाल देवता पुजनपुर्वकमंगीकृत श्रीसत्यनारायणपुजन तथा तत्कथाश्रवणमहं करिष्ये ॥ तदंगीभूतमासनादिकलशारांधनं च करिष्ये॥ એમ ભણીને હાથમાંનું જળ પૃથ્વીપર મૂકવું સંકલ્પ થઇ રહ્યા પછી યજમાને બે હાથ જોડીને પૃથ્વી દેવીની આરાધના કરવી કેઃ पृथ्वित्वया धृतालोका देवित्वं विष्णुना धृता ॥ त्वंच धारयमां देवि पवित्र कुरु चासनम् ॥ આ મંત્ર ભણીને પોતાના આસનપર પાણી છાંટવું તથા આસપાસની ભૂમિપર પણ પાણી છાંટવું. તે પછી હાથમાં ચોખા લઇને નીચેનો મંત્ર ભણતાં ભણતાં તે ચોખા ચાર દિશાઓમાં નાખવા.

अपसर्पन्तु ते भूता ये भुता भुमिसंस्थिता ॥ ये भुताविघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥ १ ॥

ગણપતી પૂજન.

પછી તેમાં દક્ષિણા નંખાવવી. પછી તે કળશમાંથી થોડું પાણી પંચપાત્રમાં લેવું અને હાથમાં જળ લઇને ગણપતિની પૂજા કરવી. ચોખાની કે ઘઉંની ઢગલીપર એક તાંબુલ ઉપર ગણપતિની મુર્તિ કે

સોપારીને પધરાવવી. रम्यं सुशोभनं दिव्यं सर्वसौख्यकरं शुभम् ॥ आसनं च मया दत्तं गृहाण परमेश्वर ॥ ગણપતીના સમીપ આસનાર્થે પુષ્પ અર્પણ કરવાં. श्रीसिद्धसहितमहागणपतयेनमः पादयोः पाद्यंहस्तयोरर्घ्यंच समर्पयामि ॥ ગણપતિ દેવને પાદ્ય તથા અર્ઘ્ય અર્પણ કરવા. સ્નાન કરાવ્યા પછી नवभिस्तंतुभिर्युक्तं त्रिगुण देवतामय ॥ उपवीत मया दत्तं गृहाण परमेश्वर॥ ઉપવીત પહેરાવવું. श्रीखंडं चंदनं दिव्य गंधाढयं सुमनोहरम् । विलेपनं सुरश्रेष्ट चंदनं प्रतिगृह्यताम् । ચંદન ચડાવવું. अक्षताश्च सुरश्रेष्ठाःकुंकुमाक्ताःशुशोभिताः । मया निवेदिता भक्त्या गृहाण परमेश्वर । અક્ષત ચડાવવા. माल्यादीनि सुगंधीनि मालत्यादीनि वे प्रभो॥ मयाहृतानि पूजार्थं पुष्पाणि प्रतिगृह्यताम् । પુષ્પો ચઢાવવાં. दुर्वांकुरान्सहरितानमृतान्मङ्गलप्रदान् । आनीतांस्तव पूजार्थं गृहाण गणनायक । દુર્વા ચઢાવવી. हरिद्राकुंकुम चैव सिंदूराधि समान्वितम् । सोभाग्य द्रव्यसयुतं गृहाण परमेश्वर।સૌભાગ્ય દ્રવ્ય ચઢાવવાં.

वनस्पतिरसोद्भुतो गंधाढ्यो गंध उत्तमः आध्रेयः सर्वदेवानां धूपोयं प्रतिगृह्यताम् । ધુપ કરવો. साज्य वर्तिसंयुक्तं वन्हिना योजितं मया । दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापह દીવાપર પુષ્પ ચઢાવવાં. शर्कराखंडखाद्यानि दधिक्षीरघृतानि च ॥ आहारं भक्षभोज्य च नैवेद्यं प्रतिगृह्यताम् ॥ નૈવેદ્ય ધરવું. पुगीफलं महादिव्यं नागवल्लीदलैर्युतम् ॥ फलादि चूर्णसंयुक्तांबूलप्रतिगृह्यताम् ॥ પાન, સોપારી વિગેરે અર્પણ કરવાં.

इदं फलं मयादेव स्थापितं पुरतस्व ॥ तेन मे सुफलावाप्तिर्भवेज्जन्मनिजन्मनि । શ્રીફળ અર્પણ કરવું. हिरण्यगर्भगर्भस्य हेमबीजं विभावसो अनंतपुण्यफलदतमः शांति प्रयच्छ मे ॥ ગણપતિના સન્મુખ દક્ષિણા ધરવી.

कर्पुरकं महाराज रसोद्भुतं च दीपकमः ।मंगलार्थं महीपाल संगृहाण गणेश्वर । આરતી કરવી. **यानि कानि च पापानि** ગણપતિની પ્રદક્ષિણા કરવી અને પછી **त्वां विघ्नशत्रु दलनेति च सुदरेति भक्तप्रियेति वरदेति सुखप्रदेति । विद्यात्रदेत्यघरेति च ये स्तुवन्ति तभ्यो गणेश वरदो भव नित्यमेव ॥** પુષ્પો ગણપતિના ચરણમાં અર્પણ કરી મસ્તક નમાવીને પ્રણામ કરવા.

અભિષેક કળશનું પૂજન

તે પછી યજમાને પોતાની સન્મુખ ચોખાની ઢગલી કરી તેના ઉપર તાંબાનો કળશ સ્થાપન કરીને **हेयरूप्यादि स भवं ताम्रजं सुद्दढनवाकलशंधौतकल्माशं छिद्रवर्णविवर्जितम्ः ।** કળશની પ્રાર્થના કરવી. **जीवनं सर्वजीवानां पावनं पावनात्मकम्ः ॥ विजं सर्वौषधिनां च तज्जलंपुरयाम्यहमः** કળશમાં પાણી ભરવું. **सुत्रं कार्पाससंभूत ब्रह्मणा निर्मितं पुरा । येन बद्धं जगत्सर्वं वेष्टनं कलशस्य च ।** કળશને કંઠે સૂત્ર વીંટવું. **देवेभ्यः पुरताजातादेवेभ्यस्त्रियुगं पुरा शतं तनु च यावभुजीवनं जीवनायच ॥** કળશમાં સર્વોષધિ નાખવી. **दुर्वेह्यमृतसंपन्ने शतमूलशतांकुरे । शतपातकसंहर्त्री शतमायुष्यवर्धनि ।** પાણીના કળશમાં દુર્વા નાંખવી. **अश्वत्थोदुंबरप्लक्षचतन्यग्रोधपल्लववाः पंचमंगाइतिप्रोक्ताःसर्वकर्मसु शोभनाः ॥ विविध पुष्पसंजातदेवानां प्रीतिवर्धनम्ः क्षिप्तं यत्कार्यसंभुतं कलशे निक्षिपाम्यहमः** પાંચપલ્લવો તથા પુષ્પો કળશમાં નાખવાં. **धान्यौषधिमनुष्याणां जीवनपरमस्मृतम्ः क्षिप्तं यत्कार्यसंभुतं कलशे प्रक्षिपाम्यहम् ।** કળશમાં ધાન્ય પ્રક્ષેપ કરવો. **पुगीफलमिदं दिव्यं पवित्रं पापनाशनम् । पुत्र पौत्रादिकफलं कलशे निक्षिपाम्यहम् ।** કળશમાં સોપારી નાંખવી. **हिरण्यागर्भे** કળશમાં દક્ષિણાર્થે સુવર્ણ અથવા તો રૂપાનાણું નાંખવું. **कनकं कुलिशं निलं पद्मराग च मौक्तिकं एतानि पंच रत्नानि कलशे निक्षिपाम्यहम** પાંચ રત્નો અને તેને અભાવે રૂપાનાણું યથાશક્તિ નાંખવું. તે પછી

હાથમાં અક્ષત લઇ **नमो नमस्ते स्फटिक प्रभाय सुश्वेतहाराय सुमंगलाय । सुपाशहस्ताय झषासनाय जलाधिनाथाय नमो नमस्ते । वरुणमावाहयामि** હાથમાંના અક્ષતો કળશ ઉપર છાંટવા તે પછી **वरुणाय नमः** એમ બોલી ચંદન, પુષ્પ ધુપ, દીપ, નૈવેદ્ય, ફલ, મુખવાસ, તાંબુલ દક્ષિણા વગેરે વરૂણ દેવની પાસે તે પદાર્થોનાં નામની સાથે **समर्पयामि** એમ કહીને મુકવાં. છેવટે **अनया पूजया सांगः सपरिवारो वरुणदेवः प्रीयताम्** એમ કહીને હાથમાંનું પાણી જમીન પર મુકવું. તે પછી કંકુથી હાથ ખરડી કળશ ઉપર નાળીયેર મૂકીને તે કળશ હાથવડે જમણા ખભા તરફ ઝાલી રાખવો. યજમાને તે કળશ હાથમાં રાખતી વખતે ઉભડક થઇ પૃથ્વીપર ઘુંટણ ટેકવીને બેસવું અને પોતાના પુરોહિતના તરફ જોઇને કહેવું કે **भोब्राह्मणाःमह्यं सुकुटुंबिने महाजनान्नमस्कुर्वाणाय आशीर्वचनम प्रेक्षमाणाय अस्य कर्मणः पुण्याहं भवन्तो ब्रुवन्तु** એટલે પુરોહિતે તેના ઉત્તરમાં ત્રણવાર કહેવું કે **पुण्याहं पुण्याहं पुण्याहं** ફરીને યજમાને કહેવું કે **भो ब्राह्मणाः मह्यं स० अस्य कर्मण कल्याण भवंतो ब्रुवन्तु** એટલે પુરોહિતે **कल्याणम्** એ પદ ત્રણવાર બોલવું ફરીને યજમાને કહેવું કે **भो ब्राह्मणाः मह्यं स० अस्य कर्मणः ऋद्धि भवंतो ब्रुवंतु** એટલે પુરોહિતે **कर्म ऋध्यताम्** એમ ત્રણવાર કહેવું. ફરીને યજમાને કહેવું **ब्राह्मणः मह्यं स० अस्य कर्मणः स्वस्ति भवतो ब्रुवंतु** એટલે પુરોહિતે **स्वस्ति** એમ ત્રણવાર કહેવું. ફરીને યજમાને કહેવું કે **भो ब्राह्मणाः अस्य कर्मणः श्रीसरस्वति भवंतो ब्रुवंतु** એટલે પુરોહિતે **अस्तु श्रीः** એમ ત્રણવાર બોલવું.

પછી પુરોહિતે યજમાન અને યજમાન પત્નીને પેલા મંગળ કળશના જળાવડે અભિષેક કરવો અને તે વખતે યજમાન પત્નીને યજમાને ડાબે પડખે બેસાડવી અને નીચેના મંત્રોથી કળશમાંના પાણીવડે યજમાન અને યજમાનની પત્નીપર જળનો અભિષેક કરવો. **भगं ते वरुणो राजा भगं सूर्यो दिवाकरः ॥ भगमीन्द्रश्च वायुश्च भगं सप्तर्षयो ददौ ॥ यत्ते केशेषु दौर्भाग्यं सीमन्ते यच्च मूर्धनि। ललाटे कर्णयोरक्ष्णोरापो निघ्नन्तु ते सदा ॥**

શ્રી સત્યનારાયણનો પૂજન વિધિ.

યજમાને હાથમાં જલ લઈ अद्याद्यादि પુર્વની પેઠે બોલીને अस्यामुर्तेः अंगप्रत्यंगसंविसमुत्पन्नआतपाग्निसंयोगजनितदोष-परिहारार्थं अग्न्युत्तारणमहं करिष्ये। એ રીતે સંકલ્પ કરી મુર્તિને ઘી લગાડીને તેની ઉપર પાણીની ધારા કરવી, લક્ષ્મીનારાયણની મુર્તિને હાથમાં લઈ आं ह्रीं क्रों यं रं लं वं शं हं ळं क्षं हं सः सोहं॥ આ મુર્તિમાં પ્રાણ આવો! आं ह्री हंस सोहं॥ આમાં જીવનો સંચાર થાવ! आं ह्री हंम सोहं। એમ કહીને આમાં સર્વ ઇંદ્રિયો વાસો થાવ! એમ કહેવું તે પછી 'श्रीसांताकार' એ મંત્ર કરીને શ્રી લક્ષ્મીનારાયણનું ધ્યાન કરવું. અને નીચેના મંત્રથી આવાહન કરવું—आवाहने त्वां गरुडोपरिस्थितं रमार्द्धदेहं सुरराजवंदितम्॥ कलांतक चक्र-गदाब्जहस्तं भजामि देवं वसुदेवसूनुम એ મંત્ર નારાયણનું આવા-હન કરવું. सिंहासने रत्नमये सुरेश हेमामयोतांशोभमाने।कृपा-निधे केशव विश्वमुर्ते स्थिरोभवस्मिनामम यज्ञासिद्धये॥ એ મંત્ર ભણીને આસન તથા પાદ્ય અર્પણ કરવાં. सुवर्णपात्र यमुनाजलं च गंधाक्षतैपुण्यतमंअक्षोतत्॥ मयानितं पाद्यमिदं गृहाण भो जानकोनाथ नमोनमस्ते॥ એ મંત્ર ભણીને પાદ્ય અર્પણ કરવું. सुनिर्मलं जन्दुपदाब्दिनिर्मतं गंधादियुक्त महदभु च॥ निवेदतं विश्वगुरो तवार्घ्यं गृहाणइमर्घ्यं भगवन्नमस्ते॥ આ મંત્ર ભણીને અર્ઘ્ય અર્પણ કરવો. भो पुण्यकीर्तेश्वर विश्वबाहो ब्रह्मादिभिः पुजितपादपद्म। गृहाण देवेश मया निवेदितमाचम्यनां विश्व-विनोद विष्णो એ મંત્ર ભણીને આચમન આપવું.

તે પછી सुस्वादुनानिरुव्येन गव्येन पयसा विभो॥ स्ना-नयं ते महा भक्त्या गृहाण पुरुषोत्तम। આ મંત્ર ભણીને દુધથી સ્નાન કરાવવું પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. चंद्रमंडलसंकाशं सर्वदेवप्रियं दधि स्नापनार्थं मया दत्तं प्रत्यर्थं प्रतिगृह्यताम्। એ મંત્ર ભણીને દહીંથી સ્નાન કરાવવું અને પછી શુદ્ધ જળથી સ્નાન

કરાવવું, घृतकुंभसमायुक्तं घृतयाने घृतप्रिये ॥ घृतामृक घृत-
शालालि घृतं स्नानाय गृह्यताम् ॥ આ મંત્ર ભણીને ઘીથી સ્નાન
કરાવીને પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. मधुरुपो वसंतस्त्वं त्वमेव
सर्वदा॥विमा मधुसुदनंसप्रोत्यै मधुस्नानाय गृह्यताम् ॥ એ મંત્ર
ભણીને મધથી સ્નાન કરાવી પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. शर्क-
राघृनसंयुक्तं॥એ મંત્ર ભણીને શર્કરાથી સ્નાન કરાવવું. અને પછી શુદ્ધ
જળથી સ્નાન કરાવવું. તે પછી શ્રીલક્ષ્મીનારાયણ ઉપર પુરૂષ સુક્તથી
અથવા તો વિષ્ણુ સુક્તથી જળવડે અભિષેક કરવા અભિષેક કર્યા પછી
वेदसुक्त समायुक्ते यज्ञसाण समन्वितो सर्ववर्गप्रदेव वाससी
प्रतिगृह्यताम्॥ એ મંત્ર ભણીને શ્રીલક્ષ્મીનારાયણને વસ્ત્ર પહેરાવવાં
ब्रह्माविष्णुमहेशेश्चनिर्मितं ब्रह्मसुत्रकमायज्ञोपवितदानेनप्रीयतां
कमलापतिः॥ આ મંત્ર ભણીને યજ્ઞોપવીત પહેરાવવું. श्रीखंडचंदन
दीव्यं गंदाढ्यसुमनोहरं ॥ विलेपनं सुरश्रेष्ठ चंदन प्रतिगृह्यताम्
એ મંત્ર ભણીને ચંદન ચઢાવવું. हरिद्रारंजिता देवी परसौभाग्यदा-
यिनी अतस्त्वां पुजयिष्यामि गृहाणपरमेश्वरी ॥ એ મંત્ર ભણીને
લક્ષ્મીજીને હરિદ્રા ચઢાવવી. कुंकुमं कामद दिव्यं कामनाकामसंभवम्
कुंकुमेनार्चितो देवि गृहाण परमेश्वरी ॥ એ મંત્રવડે કુંકુમ ચઢાવવું.
अक्षताश्च सुरश्रेष्ठाः कुंकुमाक्ताः सुशोभिता। मया निवेदिता
भक्त्या गृहाण परमेश्वरःએ મંત્ર ભણીને અક્ષત ચઢાવવાં मल्लिकादि
सुगंधीने मालत्यादानि वै प्रभो। मयाहृतानि पुजार्थं पुष्पाणि
प्रतिगृह्यताम् ॥ એ મંત્ર ભણીને શ્રીસત્યનારાયણને પુષ્પો ચઢાવવાં. તે
પછી વિષ્ણુના સહસ્રનામવડે શ્રીનારાયણ ઉપર એક હજાર તુલસીદલ
ચઢાવવાં. તુલસીદલ ચઢાવ્યા પછી वनस्पतिरसादभुतो गंधाढ्यो
गंधउत्तमः। आघ्रेय सर्वदेवानां धूपोयं प्रतिरगृह्यताम् ॥ એ મંત્ર
વડે ધુપ કરવો. साज्यं च वर्तिसंयुक्त वह्निना योजितं मया॥ दिपं
गृहाणदेवेश त्रैलोक्यतिमिरापहम् ॥એ મંત્ર ભણીને દીપક અર્પણ
કરવો. घृतपक्व हविष्यान्नं पायसं च सशर्करा॥कदलीदुग्धसंयुक्तं

नैवेद्यंप्रतिगृह्यताम् ।એ મંત્રવડે શીરાનું તથા ફળનું નૈવેદ્ય અર્પણ કરવું. તે પછી હાથ અને મુખ પ્રક્ષાલન કરાવીને નીચેના મંત્રથી સત્યનારાયણ દેવને આચમન કરાવવું. लवंगकर्पुरसंयुतं तांबुलं सुरपुजितम प्रीत्यां गृहाण देवेश मम सौख्यं विवर्धय । એ મંત્ર ભણીને તાંબુલ અર્પણ કરવું. हिरण्यगर्भगर्भस्थ એ મંત્ર ભણીને તેમની સમીપ દક્ષિણા મુકવી. इदंफलं मया देव स्थापितं पुरतस्तव ॥ तेन मे सुफलावाप्तिर्भवेज्जनि जन्मजन्मनी ॥ એ મંત્ર ભણીને શ્રીસત્યનારાયણદેવના ચરણારવિંદમાં શ્રીફળ અર્પણ કરવું. चतुर्वातिसमायुक्तं घृते च सुपुरितम् ॥नीरांजनेन संतुष्टो भवत्येव जगत्पतिः । એ મંત્રથી તેમની આરતી કરવી તે પછી यानि यानि च पापानि जन्मांतर कृतानि च ॥तानि तानि विनश्यन्ति प्रदक्षिणपदे पदे ॥ એ મંત્ર ભણતાં ભણતાં શ્રીસત્યનારાયણ દેવની પ્રદક્ષિણા કરવી. તે પછી બન્ને હાથમાં પુષ્પ લઇને નીચેના મંત્રથી પુષ્પાંજલિ કરવી. विद्याबुद्धिधनैश्वर्यपुत्रपौत्रादिसंपदः ॥ पुष्पांजलिप्रदानेन देहिमे इप्सिते वरम् ॥ આ રીતે પુષ્પાંજલી થઇ રહ્યા પછી બે હાથ જોડીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી—यन्मया भक्तियुक्तेन पत्रं पुष्पं फलं जलं। निवेदितं च नैवेद्यं तद्गृहाणानुकंपया । मंत्रहीनं क्रियाहीनंभक्तिहीनं जनावन। यत्पुजितं मया देव परिपुर्णं तदस्तुमे । अमोघं पुंडरीकाक्षं नृसिंह दैत्यसूदनं हृषीकेशं जगन्नाथं वागीशंवरदायक । गुणत्रयं गुणातीतं गोविंद गरुडध्वजं। जनार्दनं जनातीतं जानकीवल्लभं हरिम्। प्रणमामि सदा भक्त्या नारायणमतः परम् ॥ दुर्गमे विषमे वोरे शत्रुभिः परिपीडिते। विस्तारस्व सर्वेषु तथा निष्टफलेषु चा नामान्येतानि संकित्यं इप्सितं फलमाप्नुयात। सत्यनारायणदेवं वदेह कामदं प्रभु । लीलायाविततं विश्वं येन तस्मै नमोनमः ॥

॥ इति श्रीसत्यनारायण पुजा समाप्तः ॥

——:०:——



अथ श्री सत्यनारायणनी कथा.

अध्याय १ लो.

॥ ऋषय ऊचुः ॥

एकदा नैमिषारण्ये ऋषयः शौनकादयः ॥
पप्रच्छुर्मुनशः सर्वे सूतं पराणिकं खलु ॥१॥

અયોધ્યાની સમિપે નૈમિશારણ્યમાં રહેનારા, અને મંત્રને જોનારા, શૌનક આદી ઋષીઓ, સંપુર્ણ પુરાણો જાણનારા સુત નામના પુરાણિને નિચેનો પ્રશ્ન કરતા હતા.

व्रतेन तपसा किं वा प्राप्यते वांच्छितं फलम् ॥
सत्सर्वं श्रोतुमिच्छामः कथयस्य महामुने ॥२॥

હે મહામુને ! કીયું વૃત અથવા તપ કર્યાથી વાં-

છીત ફળ પ્રાપ્ત થાય છે. તે શ્રવણ કરવા ઇચ્છા કરીએ છીયે; માટે આપ અમને કથન કરો.

॥ सुत उवाच ॥

नारदेनैव संपृष्टो भगवान्कमलापतिः ॥
सुरर्षये यथैवाह तच्छृणुध्वं समाहिताः ॥३॥

એવો પ્રશ્ન શ્રવણ કરીને સુત કહેછે, કોઇ કાળના વિષે દેવરૂષિ નારદજીએ શ્રીકૃષ્ણજીને વૈકુંઠમાં એવોજ પ્રશ્ન કર્યો હતો. તેમાં જે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તર આપ્યો તેજ હું તમને કહું છું તે તમો સાવધાન થઇને સાંભળો. ૩

एकदा नारदो योगी परानुग्रहकांक्षया ॥
पर्यटन् विविधाँल्लोकान्मर्त्यलोकमुपागतः ॥४॥

આ પ્રશ્ન શ્રીભગવાને કરતાં પહેલાં શ્રીનારદ રૂષિ એક વખત મનુષ્યલોકમાં પારકા ઉપર કૃપા કરવી આ હેતુથી આવ્યા. ૪

ततो दृष्ट्वा जनान्सर्वान्नानाक्लेशसमन्वितान् ॥

ननायोनिसमुत्पन्नान्क्लिश्यमानान्स्वकर्मभिः ॥५॥

અને તે પછી મનુષ્ય લોકમાંના અનેક માણસ નાના પ્રકારના કલેશ અનેક યોનીમાં જન્મ આદી ઘણા પ્રકારનાં દુઃખો ભોગવે છે અને પોતાના કર્મે કરીને કલેશ પામે છે એવું જોઇને. ૫

केनोपायेन चैतेषां दुःखनाशो भवेद् ध्रुवम् ॥
इति संचित्य मनसा विष्णुलोकं गतस्तदा ॥६॥

"ક્યાયે ઉપાય કર્યાથી આ સર્વ મનુષ્યનાં દુઃખ-કલેશ દૂર થાય, એવો વિચાર મનમાં લાવી નારદઋષિ ફરતા ફરતા વિષ્ણુલોકમાં ગયા. ૬

तत्र नारायणं देवं शुक्लवर्णं चतुर्भुजम् ॥
शंखचक्रगदापद्मवनमाला विभूषितम् ॥७॥

વૈકુંઠમાં નારદજી ગયા અને ત્યાં શુક્લવર્ણ, ચતુર્ભુજ અને દરેક હાથમાં શંખ, ચક્ર, ગદા પદ્મ ધારણ કરેલાં છે, પગ સુધી લટકનારી અને શોભા આપનારી વનમાલા કંઠમાં છે. ૭

दृष्ट्वा तं देवदेवेशं स्तोतुं समुपचक्रमे ॥

॥ श्री नारद उवाच ॥

नमो वाङ्मनसातीतरुपायानंतशक्तये ॥८॥

એવા સર્વોતમ શ્રીનારાયણદેવ (ભગવાન)ને જોઇ નારદઋષીએ તેમની સ્તુતી વંદના કરવા સારૂ આરંભ કર્યો નારદજી કહે છે વાણી અને મન એથી પણ અતીત એવા અનંત શકિતરૂપને નમસ્કાર કરૂ છું ૮

आदिमध्यांतहीनाय निर्गुणाय गुणात्मने ॥
सर्वेषामादिभूताय भक्तानामार्तिनाशिने ॥९॥

તમો આદિ મધ્ય અને અંત આ ત્રણ વગર નિરગુણ છતાં ભકતોની પીડા મટાડવાને સગુણ થવાને આપ સર્વથી પહેલા છો અને ભકતોનાં દુઃખ દુર કરોછો.

श्रुत्वा स्तोत्रं ततो विष्णुर्नारदं प्रत्यभाषत ॥
किमर्थमागतोऽसि त्वं किं ते मनसि वर्तते ॥१०॥

આ પ્રમાણે નારદજીએ કરેલી સ્તુતિ સાંભળીને શ્રી ભગવાન વિષ્ણુ નારદજીને કહે છે. "હે નારદઋષિ! તમો શો હેતુ મનમાં રાખી અહીં આવ્યા છો." ૧૦

कथयस्व महाभाग तत्सर्वं कथयामि ते ॥

॥ नारद उवाच ॥

मर्त्यलोके जनाः सर्वे नानाक्लेशसमन्विताः ॥
नानायोनीसमुत्पन्नाःपच्यंते पापकर्मभिः ॥११॥

" તમારા મનમાં જે કોઇ હેતુ હોય તે મને કહો, તેનો ઉતર હું તમને કહીશ શ્રી નારદજી બોલ્યા. "હે પ્રભુ ! મનુષ્યલોકમાં સર્વ જન અનેક કલેશ થકી યુકત એવા અનેક યોનિમાં ઉત્પન્ન થઇને પાપ કર્મથી રચી પચી રહેલાં છે." ૧૧

तत्कथं शमयेन्नाथ लघूपायेन तद्वद ॥
श्रोतुमिच्छामि तत्सर्वं कृपास्ति यदि ते मयि॥१२॥

" માટે તે જનોનાં દુઃખ હે પ્રભુ ! જે કોઇ સહેજ-શાજ ઉપાયેથકી શાંત થાય એવો ઇલાજ આપની કૃપા મારા ઉપર હોય તો આપની પાસેથી શ્રવણ કર-વાની હું ઇચ્છા રાખું છું."

॥ श्री भगवानुवाच ॥

साधु पृष्टं वत्स लोकानुग्रहकांक्षया ॥
यत्कृत्वा मुच्यते मोहात्तच्छृणुष्व वदामि ते॥१३॥

એવું નારદજી રૂષીનું ભાષણ સાંભળી શ્રીભગવાન કહે છે. " હે શ્રેષ્ઠ નારદજી ! તમે ઘણી સારી વાત

મને પુછી. લોકો ઉપર કૃપા કરવી એવી તમારી ઇચ્છા છે. તો જે વ્રત કર્યાથી તમોએ કહેલી બધી પીડા રૂપી મોહમાંથી તે લોકો મુકત થશે એવો ઉપાય કહું છું સાંભળો. ૧૩

व्रतमस्ति महत्पुण्यं स्वर्गे मर्त्ये च दुर्लभम् ॥
तव स्नेहान्मया वत्स प्रकाशः क्रियतेऽधुना ॥१४॥

હે પુત્ર ! ઘણું પુણ્ય આપવાવાળું મનુષ્યલોકમાં અને સ્વર્ગમાં પણ દુર્લભ એવું વ્રત છે તે તમારી સાથ સ્નેહભાવ હોવાથી હમણાં કહું છું ૧૪

सत्यनारायणस्यैवं व्रतं सम्यग्विधानतः ॥
कृत्वा सद्यः सुखं भुक्त्वा परत्र मोक्षमाप्नुयात् ॥१५॥

"સત્યનારાયણ દેવનું વ્રત ઉત્તમ પ્રકારે અને વિધિયુકત કર્યાથી માણસ તત્કાલ સુખ પામશે અને દેહછુટયા પછી પણ પરલોકમાં મોક્ષ પામશે." ૧૫

तच्छ्रुत्वा भगवद्वाक्यं नारदो मुनिरब्रवीत् ॥

॥ नारद उवाच ॥

किं फलं किं विधानं च कृतं केनैव तद् व्रतम् ॥१६॥

આ પ્રકારનું ઇશ્વરનું વાકય સાંભળીને નારદઋષી પુછે છે કે. “ તે વ્રત કર્યાથી શું ફળ થશે અને તેનું વિધાન કેવું અને પૂર્વે આ વ્રત કોણે કરેલું ! ’ ૧૬

तत्सर्वं विस्ताद् ब्रूहि कदा कार्यं हि तद् व्रतम् ॥

॥ नारद उवाच ॥

दुःखशोकादिशमनं धनधान्यप्रवर्धनम् ॥१७॥

‘ વિગેરે સવિસ્તર હકીકત ને વ્રત કયારે કરવું ? તે કહો.’ એવો નારદજીનો ફરીથી પ્રશ્ન સાંભળીને શ્રી ભગવાન કહે છે“હે નારદજી ! આ સત્યનારાયણનું વૃત દુઃખ શોક વિગેરેને મટાડવાવાળું અને ધાન્યને વધારવાવાળું એવું ઘણું જ ઉત્તમ ફળ આપવાવાળું છે.”૧૭

सौभाग्यसंततिकरं सर्वत्र विजयप्रदम् ॥

यस्मिन्कस्मिन्दिने मर्त्यो भक्तिश्रद्धासमन्वितः॥१८॥

આ વૃત સ્ત્રીઓને સંપતી અને સૌભાગ્ય પ્રાપ્તી કરાવાવાળું એવું છે; તેમજ પુરૂષોને પણ વિજયવાળું એવું છે; ગમે તે દિવસે પુર્ણ શ્રદ્ધાથી. ૧૮

सत्यनारायणं देवं यजेच्चैव निशामुखे ॥

ब्राह्मणैर्बांधवैश्चैव सहितो धर्मतत्परः ॥१९॥

અપવાસી રહીને સત્યનારાયણ દેવનું સાયંકાલની વખતે બ્રાહ્મણ અને પોતાના સગાવહાલા ઇષ્ટમિત્રને બોલાવી પુજન કરવું. ૧૯

नैवेद्यं भक्तितो दद्योप्सपादं भक्षमुत्तम् ॥
रंभांफलं घृतं क्षीरं गोधूमस्य च चूर्णकम्॥२०॥

આ પુજનમાં નૈવેદ્યમાં ઘઉંનો રવો પાંચ ચતુર્થાંશ લઇ તેમાં કેળાં, ઘી, ખાંડ નાંખી સારો શીરો કરવો. ૨૦

अभावे शालिचूर्णं वा शर्करा गुडं तथा ॥
सपादं सर्वभक्ष्याणि चैकीकृत्य निवेदयेत् ॥२१॥

પુજન કરવાને ઘઉંનો રવો ન મળે તો ચોખાનો લોટ લેવો. ખાંડ ન હોય તો ગોળ લેવો પણ બધી જણસો સવાશેર લેવી. ૨૧

विप्राय दक्षिणा दद्यात्कथां श्रुत्वाजनैः सह ॥
ततश्च बंधुभिः सार्धं विप्रांश्च प्रतिभोजयत् ॥२२॥

પછી પોતાની શક્તી પ્રમાણે બ્રાહ્મણોને દક્ષણા આપવી અને શ્રીસત્યનારાયણ વ્રત કથા પોતાનાં સગાં-વહાલાં ઇષ્ટમિત્ર સાથે શ્રવણ કરવી તે પછી પોતાના સગાંવહાલાં તથા બ્રાહ્મણો સાથે ભોજન કરવું. ૨૨

सपादं भक्षयेद्भक्त्या नृत्यगीतादिकं चरेत् ॥
ततश्च स्वगृहं गच्छेत्सत्यनारायणं स्मरन् ॥२३॥

અને ભક્તિએ કરી શ્રી સત્યનારાયણ આગળ નૃત્ય તથા ગાયન કરવું એવી રીતે નદીના તીર ઉપર અથવા દેવાલયમાં એવું વ્રત કરીને શ્રી સત્યનારાયણ ભગવાનનું સ્મરણ કરતે કરતે પોતાના ગૃહે જવું. ૨૩

एवं कृते मनुष्याणां वांछासिद्धिर्भवेद् ध्रुवम् ॥
विशेषतः कलियुगे लघूपायोऽस्ति भूतले ॥२४॥

આ રીતે આ વ્રત ભક્તિથી જે માણસ કરશે તેની મનકામના સિદ્ધ થશે આ ઘણું કરીને કલિયુગમાં અનેક તરેહથી પીડા થકી પીડીત એવા લોકોને આ સહેલા ઉપાયથી આ મોટા દુઃખમાંથી મુક્ત થવા સારૂ ઘણોજ નહાનો આ મનુષ્ય લોકમાં ઇલાજ છે. ૨૪

इति श्रीस्कंदपुराणे रेवाखंडे सत्यनारायण कथायां
प्रथमोऽध्यायः ॥१॥

अध्याय २ जो.

॥ सूत उवाच ॥

अथान्त्संप्रवक्ष्यामि कृत्तं येन पुरा द्विज ॥
कश्चित्काशीपरे म्ये ह्या सीद्विप्रोऽतिनिधनः ॥१॥

સુતજી કહે છે. બીજું એક કહું છું કે પૂર્વે રમણીય એવા કાશીક્ષેત્રના વિષે રહેનારો એક બ્રાહ્મણ અત્યંત નિર્ધન હતો. ૧

क्षुत्तडम्या व्याकुलो भूत्वा नित्यं बाभ्रम भूतले ॥
दुःखितं ब्राह्मणं दृष्ट्वाभगवान्ब्राह्मणप्रियः ॥२॥

તે હરરોજ ભુખે અને તરસે પીડાએલો આકુલવ્યાકુલ થઇ કાશીક્ષેત્રમાં ફરતો. એ અત્યંત દુઃખીત બ્રાહ્મણને બ્રાહ્મણ જેને પ્રિય છે એવા શ્રીભગવાને જોયો. ૨

वृद्धब्रह्मणरूपस्तं पप्रच्छ द्विजमादरात् ॥
किमर्थ भ्रमसे विप्र महीं नित्य सुदुःखितः॥३॥

અને પોતાનું રૂપ બદલી ઘરડા બ્રાહ્મણનું રૂપ લેઇ એ દરિદ્ર બ્રાહ્મણને પુછે છે કે "હે બ્રાહ્મણ! અત્યંત દુઃખી-

ત એવો જે તું આ પૃથ્વી ઉપર શા શારૂ ફરે છે? ૩

तत्सर्वं श्रोतु मिच्छामि कथ्यतां द्विजसत्तम ॥

॥ ब्राह्मण उवाच ॥

ब्राह्मणोऽतिदरिद्रोऽहं भिक्षा वैभ्रमे महीम् ॥४॥

"આ ત્હારૂં વૃત્તાંત સાંભળવા હું ઇચ્છા કરૂં છું માટે હે બ્રાહ્મણ શ્રેષ્ટ! મને કહે" ત્યારે તે દરિદ્રી બ્રાહ્મણ કહે છે "હું ગરીબ બ્રાહ્મણ અત્યંત દરિદ્રી છું તેથી ભીક્ષા માગવા સારૂ પૃથ્વી ઉપર ફરૂં છું" ૪

उपायं यदि जानासि कृपया कथय प्रभो ॥

॥ वृद्ध ब्राह्मण उवाच ॥

सत्यनारायणो विष्णुर्वांछितार्थफलप्रदः ॥५॥

"હે પ્રભો ભગવાન! જે મ્હારૂં દરિદ્ર દુર થાય એવો કાંઇ ઇલાજ આપ જાણતા હો તો તે કૃપા કરીને મને કહો" એવું દરિદ્રી બ્રાહ્મણનું ભાષણ સાંભળી ઘરડો બ્રાહ્મણ કહે છે કે "હે બ્રાહ્મણ! સત્યનારાયણ નામના વિષ્ણુદેવ ઇચ્છેલું ફળ કળિયુગના વિષે પુજન કર્યાથી આપનારા એવા પ્રત્યક્ષ છે." ૨

तस्य त्वं पूजनं विप्र कुरुष्व व्रतमुत्तमम् ॥
यत्कृत्वा सर्वदुःखेभ्यो मुक्तो भवति मानवः ॥६॥

શ્રી સત્યનારાયણ કહે છે કે "હે બ્રાહ્મણ તું એ સત્યદેવનું વ્રત અને પુજન સારી રીતે કર કે જે કર્યા થકી માણસ સર્વ દુઃખથી મુક્ત થાય છે." ૬

विधान च व्रतस्यापि विप्रायाभाष्य यत्नतः॥
सत्यनारायणो वृद्धस्तैत्रवां परवीयत ॥७॥

પછી દરિદ્રી બ્રાહ્મણને રૂપ બદલનારા ઘરડા બ્રાહ્મણે વ્રતનું સર્વ વિધાન કહ્યું અને પોતે અંતરધ્યાન થયા ૭

तद्व्रतं संकरिष्यामि यदुक्तं ब्राह्मणेन वै ॥
इति संचिन्त्य विप्रोऽसौ रात्रौनिद्रांन लब्धवान् ॥८॥

"એ ઘરડા બ્રાહ્મણે કહેલું વ્રત હું ક્યારે કરીશ એવી ઉત્કંઠાથી એ દરિદ્રી બ્રાહ્મણને તે વખતથી તે આખી રાત્રીમાં ઉંઘ આવી નહીં. ૮

ततः प्रातः समुत्थाय सत्यनारायणव्रतम् ॥
करिष्य इति संकल्प्य भिक्षार्थमगमद्द्विज ॥ ९ ॥

પછી બીજે દિવસે સુર્યઉદય થયો ત્યારે દરીદ્રી બ્રાહ્મણે "હું આજ સત્યનારાયણનું વૃત કરીશ એવો સંકલ્પ કરીને તે હમેશના રીવાજ મુજબ ભીક્ષા માગવા સારૂ ગયો. ૯"

तस्मिन्नेव दिने विप्रः प्रचुरं द्रव्यमाप्तवान् ॥
तेनैव बंधुभिः सार्धं सत्यस्य व्रतमाचरत् ॥१०॥

તે દીવસે હંમેશના કરતાં એ બ્રાહ્મણને ઘણું દ્રવ્ય મળ્યું તે મળતાં વારજ તેજ દીવસે એ દરીદ્રી બ્રાહ્મણે પોતાના સગાંસંબંધી ઇષ્ટમીત્ર વિગેરેને બોલાવી તે સાથે શ્રી સત્યનારાયણનું વૃત કર્યું. ૧૦

सर्व दुःखविनिर्मुक्तः सर्वसंपत्समन्वितः ॥
बभूव स द्विजश्रेष्ठो व्रतस्य प्रभावतः ॥११॥

એ બ્રાહ્મણે પૂર્ણ ભક્તિથી શ્રી સત્યનારાયણનું વૃત તથા પુજન કર્યાથી થોડાજ વખતમાં દરીદ્રી બ્રાહ્મણ દુઃખ થકી મુક્ત થઇને અગણિત સંપત્તિનો માલેક થયો. એવો શ્રી સત્યદેવના વૃત પુજનનો આ કલી-

યુગના વિષે તાત્કાલિક અનુભવ થયો તથા થશે એટલું ઐશ્વર્ય આ શ્રી સત્યદેવના વૃતમાં છે. ૧૧

तनःप्रभृति कालं चमासि मासि वृतं कृतेम् ॥
एवं नारायणस्येदं व्रतं कृत्वा द्विजोत्तमः ॥१२॥

એવું જાણીને એ બ્રાહ્મણ દરએક મહિનામાં આવનારી પર્વણીને દિવસે વ્રત અને પૂજા શ્રીસત્યનારાયણ દેવની કરતો પુણ્યથી એ બ્રાહ્મણ સર્વ પાપથી નિર્મુક્ત થઇને અત્યંત દુર્લભ મોક્ષપદના વિષે ગયો. ૧૨

सर्व पापाविनिर्मुक्तो दुर्लभं मोक्षमाप्तवान् ॥
वृतमस्य यदा विप्र पृथिव्यां संकरिष्यति ॥१३॥

જે વખતે શ્રી સત્યદેવનું વ્રત તથા પુજન પૃથ્વી ઉપર કરશે તે તેજ વખતે સર્વ દુઃખો થકી મુક્ત થશે. ૧૩

तदैव सर्वदुःख च मनुजस्य विनस्यति ॥
एवं नारायणेनोक्तं नारादाय महात्मने ॥
मया तत्कथितांविप्राः किमन्यत्कथयामि वः ॥१४॥

સુતજી શૌનક આદી ઋષિયોને કહે છે કે “ આ

પ્રમાણે શ્રી સત્યનારાયણે એ નારદ રૂષીને કલીયુગના સેહેલા ઉપાયથી વાસના પુરી કરવાવાળું વૃત તથા પૂજન કહ્યું હવે એ શીવાય બીજું આપ શું શ્રવણ કરવા ઇચ્છા રાખો છો "

॥ ऋषय उच्चु ॥

तस्माद्विप्राच्छ्रुतं केन पृथिव्यां चरितं मुने ॥
तत्सर्वं श्रोतुमिच्छस्मः श्रद्धास्मदाकं प्रजायते ॥१५॥

એવું સુતજી પુરાણીનું ભાષણ સાંભળીને શૌનક આદિ રૂષિઓ કહે છે કે "મુને! એ બ્રાહ્મણના મુખમાંથી એ ચરિત્ર આ પૃથ્વીમાં કોણે શ્રવણ કર્યું. વીગેરે સર્વ આ વ્રત વિષે હકીકત સાંભળવાની અમોને ઘણી ઉત્કંઠા ઉત્પન્ન થઇ છે." ૧૫

॥ सूत उवाच ॥

शृणुध्वं मुनयः सर्वे व्रतं येन कृतं भुवि ॥
एकदा स द्विजवरो यथा विभवविस्तरः ॥१६॥

એવું શૌનક આદી રૂષિઓનું ભાષણ સાંભળી સુતજી કહે છે "હે સર્વ મુનીઓ! આ વૃત પૃથ્વી

ઉપર એ પછી કોણે કર્યું એ આપને કહું છું તે સાવધાન થઇને સાંભળો. ૧૬.

बंधुभि स्वजनैः सार्धं व्रतं कर्तु समुद्यतः ॥
एतस्मिन्नंतरे काले काष्ठकेता समागमत् ॥१७॥

પ્રથમ એક બ્રાહ્મણ એક દિવસના વિષે પોતાની સંપતી પ્રમાણે પોતાનાં સગાવહાલાં ઇષ્ટમીત્ર સાથે શ્રી સત્યનારાયણ દેવનું વૃત કરવા આરંભ કરે છે એવામાં એક લાકડાનો ભારો બાંધી માથા ઉપર લઇ વેચનારો એ ઠેકાણે આવ્યો. ૧૭

बहिः काष्ठं च संस्थाप्य विप्रस्य गृहमाययौ ॥
तृष्णया पीडीतात्मा च दृष्ट्वा विप्र कृतव्रतम् ॥१८॥

તેણે માથા ઉપરનો ભારો દરવાજા બહાર મુકી શ્રી સત્યનારાયણ દેવની પૂજા થતી હતી ત્યાં ગયો અને તે તરસ્યો હતો તો પણ એક ચિત્તથી તેણે બ્રાહ્મણે કરેલું પૂજન જોયું અને એ વૃતની વીધિ પણ જોઇ. ૧૮

प्रणिपत्य द्विजं प्राह किमिदं क्रियते त्वया ॥
कृते किं फलमाप्नोति विस्ताराद्वद मे प्रभो ॥१९॥

અને તે બ્રાહ્મણને ઘણા આદર સત્કારથી નમસ્કાર કરીને બોલ્યો કે " હે બ્રાહ્મણ શ્રેષ્ઠ આ શું કરો છો અને આવું કર્યાથી શું ફળ થાય છે હે પ્રભુ કૃપા કરીને મને કહો. ૧૯

॥ विप्र उवाच ॥

सत्यनारायणस्येदं व्रतं सर्वेप्सितप्रदम् ॥
तस्य प्रसादान्मे सर्वं धनधान्यादिक महत् ॥२०॥

બ્રાહ્મણ કહે છે કે ' શ્રી સત્યનારાયણ દેવનું સર્વ કામના પુર્ણ કરવાવાળું એવુ વૃત કરૂ છુ અને મેં આ વ્રત કર્યું તે ત દિવસથી શ્રી સત્યનારાયણ દેવના પ્રસાદે કરીને મને ધન્ય ધાન્ય આદિ મોટી સંપત્તિ મળેલી છે. " ૨૦

तस्मादेतद्व्रतं ज्ञात्वा काष्ठकतातिहर्षितः ॥
पिबा जलं प्रसादं च भूक्त्वा स नगरं ययौ ॥२१॥

આ પ્રમાણે બ્રાહ્મણના મુખમાંથી શ્રી સત્યદેવનું વ્રત લાકડાના ભારાવાળાએ સમજી લઇ અને ઘણુંજ હરખાતો તે બ્રાહ્મણે આપેલો પ્રસાદ ભક્ષણ કરી પાણી પીધું અને પોતાના ગામ વિષે ગયો. ૨૧

सत्यनारायणं देवं मनसा इत्यचिंतयत् ॥
काष्ठं विक्रयतो ग्रामे प्राप्यते चाद्ययद्धनम् ॥२२॥

પછી બીજે દિવસે ભારો વેચવા સારૂ આવતી વખતે સત્યનારાયણ દેવ પાસે ભારાવાળાએ મનમાં સંકલ્પ કર્યો કે આજે આ ભારાની કીંમત શહેરમાંથી મળશે તે ૨૨

तेनैव सत्यदेवस्य कारिष्ये वृतमुत्तमम् ॥
इति संचित्य मनसा काष्ठं कृत्वा तु मस्तके ॥२३॥

બીજા કારણે ન ખરચતાં એ પૈસાથી શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કરીશ એવો નિશ્ચય કરી ભારો માથે મુકી ચાલતો થયો. ૨૩

जगाम नगरे रम्य धनिनां यत्र संस्थितिः ॥
तद्दिने काष्टमूल्य च द्विगुणं प्राप्तवानसौ ॥२४॥

તે એક સુંદર નગરમાં કે જ્યાં શેઠ શાહુકાર લોકો રહેતા હતા તે રસ્તામાં આવ્યો ત્યાં એક શેઠે તેને જે રોજ ભારાની કીંમત મળતી હતી તેથી બમણી આપીને ભારો લીધો. ૨૪

ततः प्रसन्नहृदयः सुपक्वं कदलीफलम् ॥
शर्करा घृतदुग्धे च गो धूमस्य च चूर्णकम् ॥२५॥

ભારાવાળાએ લાકડાની કીંમત મળતાં વારજ ઘણો આનંદ થયો અને પાકેલાં કેળાં, ખાંડ ઘી અને ઘઉંનો રવો વિગેરે પદાર્થ શવાશેરના પ્રમાણમાં લેઇ બીજી પુજાની સામગ્રી વેચાતી લેઇને ઘેર આવ્યો. ૨૫

कृत्वकत्र सपादं च गृहीत्वा स्वगृहं ययौ ॥
ततो बंधूसमाहूय चकार विधिना व्रतम् ॥२६॥

અને સગાવહાલા ઇષ્ટ મિત્ર તથા બ્રાહ્મણને બોલાવી મોટા આરંભથી વિધી પૂર્વક આ વ્રત કર્યું. ૨૬

तद्व्रतस्य प्रभावेण धनपुत्रान्वितोऽभवत् ॥
इह लोके सुखं भक्त्वा चांते सत्यपुरं ययौ ॥२७॥

સુતજી કહે છે કે પેલો ભારાવાળો એ વ્રત કરવાથી ધનવાન તથા પુત્રવાન થઇને આ લોકમાં સર્વ સુખ ભોગવીને શ્રી સત્યપુર એટલે વૈકુંઠના વીશે ગયો. ૨૭

इति सत्यनारायण कथाया द्वितीयोऽध्यायः ॥२॥

अध्याय ३ जो.

॥ सूत उवाच ॥

पुनरग्रे प्रवक्ष्यामि शृणुध्वं मुनिसत्तमाः ॥
पुरा चोल्कामुखो नाम नृपश्चासीन्महीपति ॥१॥

સુતજી કહેછે" હે શૌનકાદિ ઋષિઓ ફરી આપને શ્રીનારાયણદેવની વ્રત કથાનો બીજો ઇતિહાસ કહું છું પૂર્વે ઉલ્કામુખ નામને। રાજાપૃથ્વીનું પાલન કરનાર હતો.

जितेंद्रियः सत्यवादी ययौ देवालयं प्रति ॥
दिने दिने धनं दत्त्वा द्विजान्संतोषयत्सुधीः ॥२॥

જીતેંદ્રિય, સત્યવાદી અને દરેક દિવસે મંદિરમાં દર્શને જઇ બ્રાહ્મણોને ઘણું દ્રવ્ય આપી સંતોષ પમાડતો હતો. ૨

भार्या तस्य प्रमुग्धा च सरोजवदना सती ॥
भद्रशीला नदीतीरे सत्यस्य व्रतमाचरत् ॥ ३॥

એ ઉલ્કામુખ રાજાની સ્ત્રી નામે પ્રમુગ્ધા ઘણીજ સારા સ્વભાવની કમલમુખી અને સુંદર સતી તે પોતાના સ્વામીના સાથે ભદ્રશીલા નામે નદીના તીરે શ્રી સત્યદેવનું વ્રત કરતી હતી. ૩

एतस्मिन्नंतरे तत्र साधुरेकः समागतः ॥
वाणिज्यमार्थं बहुधनैरनेकैः परिपूरितः ॥ ४ ॥

એવામાં તે નદીના કાંઠે સાધુ નામે એક વાણીયો ઘણો ધનવાન અને વેપાર અરથે ઘણાં મોતી જવાહીર વિગેરે ધન લેઇને નીકળેલો. ૪

नावं संस्थायांप्य ततीरे जगाम नृपतिं प्रति ॥
दृष्ट्वा सव्रतिवं भूपं पप्रच्छ विनयान्वितः ॥ ५ ॥

તેણે તે નદીના કાંઠે પોતાનું વહાણ લાવી જ્યાં રાણીશ્રી વ્રત કરતાં હતાં તેમની પાસે જઇ વિનંતી પૂર્વક ઘણી નમ્રતાથી પ્રશ્ન કરવા લાગ્યો. ૫

॥ साधु उवाच ॥

कामिदं कुरूपे राजन्भक्तियुक्तेन चेतसा ॥
प्रकाशंकुरू तत्सर्वं श्रोतु मिच्छामि सांप्रतम् ॥६॥

સાધુ પુછેછે "હે મહારાજ ! આ ઘણીજ ભક્તિની સાથે એક ચિત્તે આ વખતે શું કરો છો ? એ મને કહેશો એવું ઇચ્છું છું." ૬

॥ राजोवाच ॥

पूजनं क्रियते साधो विष्णोस्तुलतेजसः ॥
व्रतं च स्वजनैः साध पुत्रद्यावाप्तिकाम्यया ॥७॥

એવા પ્રકારે સાધુ નામે વેપારીનું ભાષણ સાંભળતાં વાર રાજા ઉન્મુખ કહે છે, "હે સાધુ વેપારી શ્રી મહાવિષ્ણુ સત્યદેવ કે જેના મહીમાનો પાર ન આવે એવા તેજસ્વી છે તેમનું પુત્ર તથા ધન ધાન્યસંપત્તિ મળે, એ હેતુથી મારા સગાવહાલા ઇષ્ટમીત્ર સાથે વૃત્ત તથા પૂજન કરૂં છું. ૭

भूपस्य वचनं श्रुत्वा साधुःप्रोवाच सादरम् ॥
सर्वं कथय मे राजन्करिष्येऽहंतदोदितम् ॥८॥

એવું રાજાનું ભાષણ સાંભળીને સાધુ સોદાગરે ઘણા આદરથી કહ્યું કે "આ વૃત્તનો વિધી મને સવિસ્તર કહો હું નિશ્ચયથી આપના કહ્યા મુજબ આ વૃતકરીશ. ૮

ममापि संततिर्नास्ति ह्येतस्णाज्जायते ध्रूवम् ॥
ततो निवृत्य वाणिज्यात्सानंदो गृहमागतः ॥९॥

જેમ જે મને પણ સંતતિ નથી અને આપના કહ્યા પ્રમાણે આ સત્યદેવનું વૃત કર્યાથી સંતતી થશે માટે હું

વેપાર અર્થે દેશાંતરે ન જતાં ઘેર જાઉં છું" એવું કહી વેપાર અર્થે જવું છોડી હરખથી પોતાના ઘેર આવ્યો.

भार्यायै कथितं सर्वं व्रतं संततिदायकम् ॥
तदा व्रतं करिष्यामि यदा मे संततिर्भवेत् ॥१०॥

અને વ્રતનો મહીમા પોતાની સ્ત્રીને કહીને નિશ્ચય કર્યો કે જે જ્યારે મને સંતતિ થશે ત્યારે હું આ વ્રત કરીશ. ૧૦.

इति लिलावति प्राह पत्नी साधुः सत्तमः ॥

એવું લીલાવતી નામની પોતાનિ સ્ત્રીની સાથે વાણીઆએ કહ્યું.

एकस्मिन्दिवसे तस्य भार्या लिलावति सति ॥
भर्तुयुक्तानंदचिताभवद्धर्मपरामणा ॥
गर्भिणी साभवत्तस्य भार्या सत्यप्रसादतः ॥१२॥

પછી એક દિવસે તેની સ્ત્રી પોતાના ધર્મ પ્રમાણે ચાલનારી એવી પોતાના સ્વામી સાથે હરખાતી રતુ-વાળી થયેલી શ્રી સત્યદેવના પ્રસાદે કરીને ગર્ભવતી થઇ. ૧૧-૧૨.

दशमे मासि वै तस्याः कन्यारत्नमजायत ॥
दिने दिने सा ववृधे शुक्लपक्षे यथा शशी ॥१३॥

તેને દસમે મહિને રત્ન જેવી એક કન્યા થઈ ને જે પ્રમાણે ચંદ્રમા શુદ પખવાડીયામાં દિવસે દિવસે મોટો થતો જાય તે પ્રમાણે મોટી થતી. ૧૩.

नाम्ना कलावती चेती तन्नामकरणं कृतम् ॥
ततो लीलावती प्राह स्वामिनं मधुरं वचः ॥१४॥
न करोषि कमर्थं वै पुरा संकल्पित व्रतम् ॥

તેનું નામ કલાવતિ એવું ધર્યું તે પછી સાધુવાણીયાની લીલાવતિ સ્ત્રી પોતાના સ્વામીને મધુર વચનથી બોલી કે હે પ્રિય સ્વામી ! આપે માનેલું શ્રીસત્યદેવનું વ્રત શા કારણથી કરતા નથી. ૧૪

॥ साधु उवाच ॥

विवाहसमये त्वस्याः करिष्यामि व्रतं प्रिये ॥१५॥

એવું પોતાની સ્ત્રીનું મધુર ભાષણ સાંભળીને સાધુ વાણિઓ બોલ્યો હે પ્રિયે ! આ વ્રત આપણે કલાવતિ કન્યાના લગ્ન વખતે કરીશું ૧૫

इती भार्यां समाश्वास्य जगाम नगरं प्रती ॥
ततः कळावती कन्या वव्रधे तितृवेश्मनी ॥१६॥

આ પ્રમાણે સાધુ વાણિયાએ પોતાની સ્ત્રીને સમજણ આપીને પોતે બીજા નગર વિષે વેપાર અર્થે ગયો અહીંયાં કલાવતી બાપના ઘેર દિવસે દિવસે મોટી થતી ગઈ. ૧૬

दृष्ट्वा कन्यां ततः साधुर्नगरे सखिभिः सह ॥
मंत्रयित्वा द्रुतं दूतं प्रेषयामास धर्मवित ॥१७॥

પછી લગન કરવા યોગ્ય થયેલી કન્યાને પોતાની બેનપણીઓ સાથે પોતાના નગરમાં એક દિવસે ધર્મશીલ સાધુવાણીઆએ જોઈને પોતે મુનિમને કન્યાનો વર જોવા સારૂ મોકલ્યો. ૧૭

विवाहार्थ च कन्यया वरं श्रेष्ट विचारय ॥
तेनाज्ञप्तश्च दूतोऽसौ कांचनं नगरं ययौ ॥१८॥

અને કહ્યું કે "જાઓ આપણી કલાવતિ કન્યાને માટે યોગ્ય અને ઉત્તમ વર શોધી લાવો, એવી આજ્ઞા થવાથી તે મુનીમ કાંચન નામના નગરમાં આવી પહોંચ્યો. ૧૮

तस्मादेकं वणिकपुत्रं समादायागतो हिसः ॥
दृष्ट्वा तु सुंदरं बालं वणिक्पुत्रं गुणान्वितम् ॥१९॥

અને ત્યાંથી એક સુંદર રૂપવાળો વાણિયાનો પુત્ર લઇને મુનિમ પોતાના નગરમાં આવ્યો ત્યારે તે ગુણવાન અને સુંદર એવો વાણિયાનો પુત્ર તે સાધુ વાણિયાએ જોઇને ૧૯

ज्ञातिभिर्वं धुमिः सार्धं परितुष्टेन चेतसा ॥
दत्तवान्साधुः पुत्राय वेयां विविधानतः ॥२०॥

પોતાના બધા નાતવળાઓને અને સગાવહાલા ઇષ્ટમિત્રને બોલાવીને ઘણાજ હર્ષથી પોતાની કન્યા કલાવતીનું લગ્ન એ ગુણવાન તથા વાણિયાના પુત્રની સાથે કર્યું. ૨૦

ततो भाग्यवशातेन विस्मृतं व्रतमुतम् ॥
वितारहसमये तस्यास्तेनरुष्टोऽभवत्प्रभुः ॥२१॥

એ સાધુવાણિયો એ કન્યાના લગ્ન સમયે પણ કર્મના અંતરાયે કરીને શ્રી સત્યદેવનું વ્રત કરવાનું ભુલી ગયો તેને લીધે શ્રી સત્યનારાયણ દેવ તેના ઉપર કોપાયમાન થયા; ૨૧

ततः कालेन नियतो निजकर्मविशारदः ॥
वाणिज्यार्थे ततः शीघ्रंजामातृसंहितो वणिक ॥२२॥

આ વાતને ઘણાએક દિવસ વીતી ગયા પછી પોતાનું કર્મ ભોગવવા સારૂ પોતાના જમાઇને સાથે લઇને વેપાર અર્થે તે વાણીઓ ગયો. ૨૨

रत्नसारपुरे रम्ये गत्वा सिंधुसमीपतः ॥
वाणिज्यमकरोत्साधुर्जामात्रा श्रामता सहः ॥२३॥

તે સિન્ધુ સમુદ્ર નજીક રત્નસાર નામના નગરમાં પોતાના જમાઇની સાથે ભારે વેપાર કરવા લાગ્યો. ૨૩

तौ मतौ नगरे रम्ये चंद्रकतोर्नृपस्य च ॥
एतस्मिन्नेव काके तु सत्यनारायण प्रभुः ॥२४॥

તે પછી ત્યાંથી ચંદ્રકેતુ નામના રાજાના શોભાયમાન શહેરમાં ગયા છે એવામાં ભગવાન શ્રી કૃપાસાગર સત્યનારાયણ પ્રભુ ૨૪

भ्रष्टप्रतिज्ञमालोक्य शापं तस्मै प्रदत्तवान् ॥
दारुणं कठिनं चास्य मदत् दुःखं भविष्यति ॥२५॥

સાધુ વાણીઆને જુઠું બોલનારો જાણીને તેને

ખોટું દુઃખ તથા બંધન તિરસ્કાર વિગેરે ઘણું દુઃખ પ્રાપ્તિ થાઓ " એવો શ્રાપ દેતા ગયા. ૨૫

एकस्मिन्दिवसे राज्ञो धनमादाय तस्करः ॥
तत्रैव चामतश्चोरो वणिजौ यत्र संस्थितौ ॥२६॥

એટલામાં જ્યાં સાધુ વાણીઓ પોતાના જમાઇ સાથે રહેતો હતો ત્યાં તે ગામના રાજાનો ખજાનો ફાડી ધન ચોરી લાવી એક ચોર તેના રહેવાના ઘરમાં સંતાઇ રહ્યો. ૨૬

तत्पश्चाद्धावकन्दाष्ट्वा दूतान् भीतेन चेतसा ॥
धनं संस्थाप्य तत्रैव स तु शीघ्रमलक्षितः ॥२७॥

પણ ચોરને પકડવા રાજાના સિપાઇઓ તેમના પાછળ દોડી આવ્યા જોઇ ચોર જ્યાં સસરો અને જમાઇ સુતા હતા ત્યાં ધન નાંખી દેઇ છાનોમાનો ત્યાંથી નાશી ગયો ૨૭

ततो दूता समायाना यत्रास्ते सज्जनो वणिक् ॥
दृष्ट्वा नृपधनं तत्र वध्वा नीतौ वणिक्सुतौ ॥२८॥

તે પછી સીપાઇઓ જે ઠેકાણે જમાઇ સાથે સાધુ વાણીઓ હતો ત્યાં રાજાનું ચોરેલું ધન પડેલું જોઇ સાધુ વાણિયાને કેદ કરી બાંધી લઇ ગયા. ૨૮

हर्षेण धावमानाश्च ऊचुर्नृपसमीपतः ॥
तस्करौ द्वौसमानीतौ विलोक्याज्ञापय प्रभो ॥२९॥

અને ઘણા આનંદથી દોડતા આવી રાજાને વરધી આપી કે " હે મહારાજ ! બે ચોરને લાવ્યા છીએ તેમને જોઈ હુકમ કરશો. ૨૯

राज्ञाज्ञप्तास्ततः शीघ्रं दृढ बध्ध्वा तु तावुभौ ॥
स्थापितौ द्वौ महादुर्गे कारागारेऽविवादतः ॥३०॥

એવું સાંભળી ચોરોને જોઇ વિચાર કર્યા વગર એકદમ કેદ કરવાની શિક્ષા આપતાં વારજ સીપાઇઓ તેમને ખુબ બાંધી મોટા કેદખાનામાં લઇ જઇને પુર્યા.

मायया सत्यदेवस्य न श्रुतं कैस्तयोर्वचः ॥
अतस्तयोर्धनं राज्ञा गृहीतं चंद्रकेतुना ॥३१॥

આ કામમાં એ ચંદ્રકેતુ રાજાને શ્રીસત્યદેવની માયાથી મોહીત થઇને ચોરીએ ગયેલું ધન તો લીધુ પણ

તેની સાથે અવિચારી સાધુ વાણિયાનું ધન લુંટી લીધું. ૩૧

तच्छापाच्च तयोर्गेहे भार्या चैवातिदुःखिता ॥
चौरेणापि हृतं सर्वंगृहे यच्च स्थितं धनम् ॥३२॥

તેમજ શ્રીસત્યદેવના શાપથી એ સાધુ વાણીયાને પોતાના ગામ પોતાના ઘરમાં મુકેલું બધું ધન ચોરો લુંટી લઇ ગયા તેને લીધે તેની સ્ત્રી પણ ઘણીજ દુઃખી થઇ. ૩૨

आधिव्याधिसमायुक्ता क्षुत्पिपासातिदुःखिता ॥
अन्नचिंतांपरा भूत्वा बभ्राम च गृहे गृहे ॥
कलावती तु कन्यापि बभ्राम प्रतिवारम् ॥३३॥

અને તે સાધુ વાણીયાની સ્ત્રી લીલાવતી ઘણા દુઃખથી અને ઘણી તરશ તથા ભુખથી ઘેર ઘેર ફરવા લાગી તેમજ તેની કન્યા કલાવતી ઘણી નહાની હતી તે પણ દરરોજ ઘેર ઘેર માગી ખાતી. ૩૩

एकास्मिन्दिवसे जाता क्षुधार्ता द्विजमंदिरम् ॥
गत्वा पश्यद्व्रतं तत्र सत्यनायणस्य च ॥३४॥

એક દિવસે તે કન્યાને ઘણીજ ભુખ લાગ્યાથી આકુળ વ્યાકુળ થઇને એક બ્રાહ્મણના ઘરમાં ગઇ ત્યાં શ્રી સત્યનારાયણદેવનું વ્રત તથા પુજન થતું તેણે જોયુ. ૩૪

उपविश्य कथां श्रुत्वा वरं प्रार्थितवत्यपि ॥
प्रसादभक्षणं कृत्वा ययौ रात्रौ गृहं प्रति ॥३५॥

એ વ્રત તથા પુજા જોતાજ ઘણો આનંદ પામીને ત્યાં બેઠી અને શ્રી સત્યનારાયણની કથા સાંભળીને સત્યદેવની પ્રાર્થના કરી કે " મ્હારૂં દુઃખ મટે ને મ્હારો બાપ તથા સ્વામી મને મળે" એવો આશીર્વાદ શ્રી સત્યદેવ પાસે માગી, બ્રાહ્મણે આપેલો પ્રસાદ ખાઇ રોજના કરતાં ઘણી મોડી રાતે પોતાના ઘેર આવી. ૩૫

माता कलावती कन्यां कथयामास प्रेमतः ॥
पुत्रि रात्रौ स्थिता कुत्र किं ते मनसि वर्तते ॥३६॥

ને ઘરમાં આવતાંજ તેની મા લીલાવતી કલાવતી નામની કન્યાને પુછેછે કે "પુત્રી! તું આજે આટલી રાત સુધી ક્યાં હતી! ને તારા મનમાં શું છે! ૩૬

कन्या कलावती प्राह मातरं प्रति सत्वरम् ॥
द्विजालये व्रतं मातर्दृष्टं वांछितसिद्धदम् ॥२७॥

કલાવતી કન્યા પોતાની માને ઉતાવળે કહે છે કે "હે મા ! હું બ્રાહ્મણને ઘેર મનમાં ધારેલું કામ પાર પડે એવું વ્રત તથા પુજન અને કથા થતી હતી ત્યાં બેઠી હતી."

इतिश्रुत्वा कन्यकावाक्यं व्रतं कर्तुं समुद्यता ॥
वसा मुदा वणिग्भार्या सत्यनारायणस्यच ॥२८॥

એવું કન્યાનું બોલવું સાંભળીને સાધુ વાણિયાની સ્ત્રી લીલાવતી શ્રીસત્યદેવનું પુજન કરવા સારૂ તત્પર થઈ. ૩૮

व्रतं चक्रे स साध्वी बंधुभिः स्वजनैःसह॥
भर्तृजामातरौ क्षिप्रमागच्छेतां स्वमाश्रमम् ॥२९॥

ને એ મહાસતી વાણિયાની સ્ત્રી પોતાના સગાવાલા ભાઈભાંડુ સાથે શ્રીસત્યદેવનું વ્રત કરવા લાગી અને "પોતાના સ્વામી તથા જમાઈ પોતાને ઘેર જલદી આવે" એ હેતુ મનમાં ધારી પુજન કરવા લાગી. ૩૯

अपराधं च मे भर्तृजामातु क्षंतुमर्हसि ॥
व्रतेनानेन तुष्टोऽस सत्यनारायणः पुनः॥४०॥

એ પુજન કરતી વખતે સત્યદેવની પાસે વારંવારડી એવો વર માગતી હતી કે "હે સત્યનારાયણ પ્રભો ! મારા સ્વામિ તથા જમાઇના અપરાધ ક્ષમા કરવાને આપજ યોગ્ય છો" એવી તે લીલાવતી સાધુ વાણિયાની સ્ત્રી પ્રાર્થના કરતી હતી તેથો કરીને એ વ્રત તથા પુજનથી ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુ સંતોષ પામ્યા. ૪૦

दर्शयामास स्वप्नं हि चंद्रकेतु नृपोत्तम् ॥
वंदिनौ मोचय प्रतिर्वणिजौ नृपसत्तत ॥४१॥

અને માયારૂપી ભગવાન સત્યદેવે ચંદ્રકેતુ નામનો રત્નપુરનો રાજા કે જેણે લીલાવતિના સ્વામિ તથા જમાઇને બંદીખાનામાં મુકયા હતા તેને સ્વપ્નમાં આવી આજ્ઞા કરી કે "હે રાજા! તું નિરઅપરાધી બે વાણિયાને બંદીખાનેથો છોડી મુક. ૪૧

देयं धनं तप्सर्वं गृहीतं यत्त्वयाधुना ॥
नोचेत्त्वां नाशयिष्यामि सराज्यधनपुत्रकम् ॥४२॥

અને તેમનું જે સઘળું ધન તેં હરણ કરી લીધેલું છે તે સઘળું તેમને પાછું આપીને તેમનો આદર–સત્કાર કરીને વિદાય કર–નહિ તો તારાં ધનધાન્ય, રાજપાટ, સ્ત્રી, પુત્રસહીત તારા કુળનો નાશ કરીશ. ૪૨

एवमाभाष्य राजानं ध्यानगम्योऽभवत्प्रभुः।
ततःप्रभातसमये राजा च स्वजनः सह ॥४३॥
उपविष्य सभामध्ये प्राह स्वप्नं जनं प्रति ॥
बद्धा महाजनौ शीघ्रं मोचयध्वं वणिक्सुतौ ॥४४॥

એ પ્રમાણે રાજાને સ્વપ્નમાં જણાવીને ભગવાન શ્રી સત્યનારાયણ અંતરધ્યાન થયા. ત્યાર પછી રાજાએ પ્રાતઃકાળે સભામાં સિંહાસન ઉપર બેસી સર્વ કચેરીને સ્વપ્ન કહ્યું ને સિપાઇઓને આજ્ઞા કરી કે "બંદીખાનામાં જે હમણાં વાણીયાના પુત્રને કેદખાને રાખ્યા છે તેમને છોડી મુકો. ૪૩–૪૪

इति राज्ञो वचः श्रुत्वा मोचयित्वा महाजनौ ॥
समानीय नृपयाग्रे प्राहुस्ते विनयान्विताः॥४५॥

એવી રાજાની આજ્ઞા થતાંજ સિપાઇઓએ બેઉ

જણાઓને બંદીખાનેથી છોડી રાજાની સભામાં લઇ આવ્યા. ૪૫

आनीतौ द्वौ वणिक्पुत्रौ मुक्त्वा निगडबंधनात् ॥
ततो महाजनौ नत्वा चंद्रकेतुर्भयविह्वलौ ॥

ત્યા એબેઉ બંદીખાનેથી છુટેલા વાણિયાના પુત્ર રાજાને ઘણીજ નમ્રતાથી નમસ્કાર કરતા હતા ૪૬

स्मरंतो पूर्ववृत्तांतं नोचतुर्भयविह्वलौ ॥
राजा वणिक्सुतो वीक्ष्य वचः प्रोवाच सादरम् ॥

અને પોતાનો પૂર્વનો હેવાલ મનમાં લાવી ભયભીત થઇ કંઈ પણ બોલ્યા નહિ. એવા ઘણાજ ગરીબ વાણિયાના પુત્રને જોઇ રાજા ચંદ્રકેતુએ ઘણાજ આદરભાવથી પ્રધાન વગેરે મંડળીને આજ્ઞા કરી કે ૪૭

दैवात्प्राप्त महद् दुःखमिदानीं नस्ति व भयम् ॥
तदा निगडसंत्यागं क्षौरकर्माद्यकारयत् ॥४८॥

" આ બે વાણિયાના પુત્રોએ આજ સુધી કર્મના અંતરાયે કરીને મોટું દુઃખ ભોગવ્યું હવે પછી એમને કંઇ પણ ભય નથી " એવી આજ્ઞા થતાંજ પગની બેડીઓ તોડી હજામત કરાવી. ૪૮

वस्त्रालंकारकं दत्वा परितोष्य नृपश्च तौ ॥
पुरस्कृत्य वणिक्पुत्रो वचसातोषयद्नृपम् ॥

વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેરાવી સંતોષિત કર્યા અને એ બેઉ જણાને પોતાની પાસે બેસારી સારૂં ભાષણ તેમની સાથે કરી ઘણોજ સંતોષ પમાડયો. ૪૯

पुरा नीतं तु तद् द्रव्यं द्विगुणीकृत्य दत्तवान् ॥
प्रोवाच ता ततो राजा गच्छसाधो निजाश्रमम् ॥

અને એ બેઉનું પ્રથમ જેટલું ધન હરણ કર્યું હતું, તેથી બમણું તેમને આપ્યું અને ચંદ્રકેતુ રાજા કહેવા લાગ્યો કે "હે જમાઇ સાથે વાણિયા ભાઈ? હવે તમો પોતાના ઘેર જાઓ. ૫૦

राजानं प्रणिपत्याह गंतव्यं त्वत्प्रसादतः ॥५१॥

આ પ્રમાણે રાજાનો હુકમ થતા તરત રાજાને સાધુવાણીયો વંદન કરીને બોલ્યો કે "હવે હું આપના આશીર્વાદથી મારે ઘેર જઇશ." ૫૧

इति सत्यनारायणव्रत कथायां तृतीयोऽध्यायः ॥३॥

अध्याय ४ थो.

॥ सूत उवाच ॥

यात्रां तु कृतवान्साधुर्मंगलायनपूर्विकाम् ॥
ब्राह्मणेभ्यो धनं दत्वा तदा तु नगरं यया ॥१॥

સૂતજી કહે છેઃ—આ પ્રમાણે સાધુવાણીયાએ મંડળયુક્ત યાત્રા કરીને રાજા પાસેથી મળેલ ધનમાંથી થોડુંક બ્રાહ્મણોને વ્હેંચી આપીને પોતાના નગર વિષે આવવા સારૂ નીકળ્યો. ૧

कियद् दूरे गते साधा सत्यनारायणः प्रभुः ॥
जिज्ञासां कृतवान्साधो किमस्ति तव नौस्थितम् ॥

ઘણેક દુર સાધુવાણીયાનું વહાણ દરીયામાં જઇ એક ઠેકાણે લંગર કરેલું એવું જોઇ ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુએ સાધુવાણીયાને તારા વહાણમાં શું છે' એ પુછવાની ઇચ્છા થઇ.

तनोमहाजना मत्ता हेलया च प्रहस्य वै ॥
कथंपृच्छसि भो दंडिन्मुद्रां नेतुं किमिच्छसि ॥२॥

અને પરબ્રહ્મ ભગવાન શ્રીસત્યનારાણદેવ સન્યાસિ બાવાનું રૂપ લેઇ જે ઠેકાણે સાધુવાણીયાએ વહાણ લંગર કર્યું હતું ત્યાં આવિ એ બેઉ જણાને પૂછ્યું કે "તમારા વહાણમાં શું છે!" એ સન્યાસિ બાવાનો પ્રશ્ન સાંભળિને આ બંધિખાનેથી હમણાંજ છુટેલો મસ્તવાણિયાનો પુત્ર સન્યાસી બાવાાન મશ્કરી કરીને કહેવા લાગ્યો કે "હે સન્યાસી બાવા! આપ અમારા રૂપીઆ લઇ જવા ઇચ્છોછો કે શું ?"

लतापत्रादिकं चव वर्तते तरणो मम ॥
निष्ठुरं च वचः श्रुत्वा सत्यं भवतु ते वचः ॥४॥

આવી રીતે પ્રથમ તેની મશ્કરી કરી કહે છે કે "મારા વહાણમાં વેલો અથવા પાંદડાં વગેરે ભરેલાં છે" એવું તેમનું કઠોર ભાષણ સાંભળી ભગવાન શ્રી સત્યદેવે કહ્યું કે "તારૂં વચન સત્ય હોજો." ૪

एकमुक्त्वा गतः शीघ्रं दंडी तस्य समीपतः ॥
कियद्दूरे ततो गत्वा स्थितः सिंधुसमीपतः ॥५॥

આ પ્રમાણે ભાષણ કરી તે આવેલા સન્યાસી સાધુ વાણિયાથી આઘે જઇ દરિયાના કિનારેજ ઉભા રહ્યા. ૫

गते दंडिनि साधुश्च कृतनित्यक्रियस्तदा ॥
उत्थितांतरणीं दृष्ट्वा विस्मयं परमं ययौ ॥६॥

સન્યાસી બાવો ગયો એવું જોઈને સાધુવાણિયો પોતાનું ખાવું પીવું વિગેરે નિત્ય કૃત્ય કરી રહી જુવે છે તો વહાણ પાણિ ઉપર તરવા લાગ્યું આ ચમત્કાર જોઈને સાધુ વાણિયો ઘણોજ વિસ્મિત થયો. ૬

दृष्ट्वा लतादिकं चैव मूर्छितो न्यपतद्भूवि ॥
लब्धसंज्ञो वणिक्पुत्रस्ततदश्चिंतान्वितोऽभवत् ॥७॥

અને વહાણમાં જુવે છે તો બધાં વેલા તથા પાંદડાં જોયાં તે જોઈને એકદમ શોકથી ભોંય ઉપર પડયો ને તે પછી ઘણીકવારે શુદ્ધિ ઉપર આવ્યો અને ચિંતા કરવા લાગ્યો. ૭

तदा तु दुहितुः कांतो वचनं चेदमब्रवीत् ॥
किमर्थं क्रियते शोकः शापो दत्तश्च दंडिना ॥८॥

એટલામાં તેનો જમાઇ એવું બોલ્યો કે "તમો શા માટે ફીકર કરો છો તમોને હમણાંજ આવેલા સન્યાસી સાધુએ શાપ આપ્યો ૮

शक्यने तेन सर्वं हि कर्तुं चात्र न संशयः ॥
अतस्तच्छरणं यामो वांछितार्थो भविष्यति ॥९॥

અને તેના બોલવાથી આ પ્રમાણે થયું એમાં કાં-
ઇ પણ સંદેહ નથી એ માટે આપણે તેમને શરણે જઈ-
એ એટલે આપણું ધારેલું કામ થશે. ૯

जामातुर्वचनं श्रुत्वा तत्सकाशं गतस्तदा ॥
दृष्ट्वा च दंडिनं भक्त्या नत्वा प्रोवाच सादरम् ॥१०॥

એવું જમાઈનું બોલવું સાંભળીને સાધુવાણીઓ
એ સંન્યાસી પ્રત્યે આદરસત્કારથી બોલે છે કે. ૧૦

क्षमस्व चापराधं मे यदुक्तं तव सन्निधौ ॥
एवं पुनः पुनर्नत्वा महाशोकाकुलोऽभवत् ॥११॥

"હે મુનિશ્વર! મારા અપરાધની ક્ષમા કરો"
એવું બોલી ઘણો આકુળવ્યાકુળ થયો. ૧૧

प्रोवाच वचनं दंडी विलपंतं विलोक्य च ॥
मा रोदीः शृणु मद्वाक्यं मम पूजाबहिर्मुखः ॥१२॥

॥ सूत उवाच ॥

એવું જોઈને તે યતિશ્વર સન્યાસી કહે છે "અરે હે વાણિયા! તું રોમા, તું મારી પૂજાથી બહિર્મુખ થયો.૧૨

ममाज्ञया च दुर्बुद्धे लब्धं दुःखं मुहुर्मुहु ॥
तच्छ्रुत्वा भगवद्वाक्यं स्तुतिं कर्तुं समुद्यतः॥१३॥

અને હે દુષ્ટ બુદ્ધિવાળા! તને મારી આજ્ઞાથીજ ઘણાં દુઃખો ભોગવવાં પડયાં' એવું પરબ્રહ્મ ભગવાનનું વાકય સાંભળીને સાધુવાણીયો શ્રીસત્યદેવની વિનંતી કરવા લાગ્યો. ૧૩

॥ साधु उवाच ॥

त्वन्मायामाहिता सर्वे ब्रह्माद्यास्त्रिदिवौकसः ॥
न जानंति गुणान्रूपं तवाश्चर्यमिदं प्रभो ॥१४॥

સાધુવાણિયો કહે છે "હે દેવ! આપની માયાથી બ્રહ્માદિ સર્વ દેવ મોહિત થાય છે અને એ દેવ છતાં પણ હે પ્રભુ આપના રૂપના ગુણ આદિ વૈભવને જાણતા નથી એ મોટું આશ્ચર્ય જેવું છે.

मादृशोऽहं त्वां कथं जाने मोहितस्तव मायया ॥
प्रसीद पूजयिष्यामि यथाविभवविस्तरैः ॥१५॥

હું તો એક પામર માણસ અને તારૂં મારૂં એવી માયાને જાણનારો છું. આપને કયાંથી જાણું એવો હું અજ્ઞાન

તે માટે મારા ઉપર પ્રસન્ન થાઓ. પછી હું આપની મારી સંપત્તિની વડાઇ પ્રમાણે વિધિ વિધાનથી પુજા કરીશ. ૧૫

पुरा चित्तं च तत्सर्वं देहिं मां शरणागतम् ॥
श्रुत्वा मुक्तियुतं वाक्यं परितुष्टो जनार्दनः॥१६॥

હું મારા વહાણમાં ધન વિગેરે છતાં કપટ ભાવથી ખોટું બોલ્યો માટે હે ઇશ્વર ! તે થકી મારૂં રક્ષણ કરનાર આપ સમર્થ છો" એવું ભક્તિભાવનું સાધુવાણિયાનું વચન સાંભળીને ભગવાન શ્રી સત્યદેવ સંતોષ પામ્યા અને એ સાધુ વાણિયાને તેને મનવાંચ્છિત ફળ આપી અંતરધ્યાન થયા. ૧૬

वरं च वांछितं दत्वा तत्रवांतर्दधे हरी ॥
ततो नावं समारुह्य दृष्ट्वावित्तप्रपूरिताम् ॥१७॥

એટલામાં સાધુવાણિઓ જુએ છે તો પોતાનું વહાણ પ્રથમ પ્રમાણે ધનથી ભરેલું છે. ૧૭

कृपया मत्यदेवस्य सफलं वांछितं मम ॥
इत्युक्त्वा स्वजनैः साधुपूजां कृत्वा यथाविधि॥१८॥

આવું આશ્ચર્ય જોતાંજ સાધુવાણિયો કહે છે "શ્રીસત્યદેવના પ્રસાદ થકી મારૂં ઇચ્છિત પુર્ણ થયું એવું

બોલી ત્યાં જે તેનાં સગાંવહાલાં હતાં તે સાથે યથાવિધિ
શ્રી સત્યદેવનું પુજન કર્યું.

हर्षेण चाभवतपूर्णः सत्यदेवप्रसादतः ॥
नावं संयोज्य यत्नेन स्वदेशगमनं कृतम् ॥१९॥

તેપછી એસાધુવાણિયો સત્યદેવનીકૃપાથીસુખીથયો
અનેવહાણ તૈયાર કરાવી પોતાને દેશ જવાસારૂ નીકળ્યો.

साधुर्जामातरं प्राह पश्य रत्नपुरीं ममः ॥
दूतं च प्रेषयामास निजवित्तस्य रक्षकम् ॥२०॥

વહાણમાં બેઠેલા જમાઇને સસરો કહે છે કે "હે જમાઇ
રાજ ! મારી રત્નપુરી નગરી દેખાય છે તે જુઓ" એવું
કહીને પોતાના ધનનું રક્ષણ કરનારા સિપાઇને પોતાના
ઘેર પોતે આવ્યાનું વર્તમાન કહેવા સારૂ મોકલ્યો.

दूतोऽसौ नगरं गत्वा साधुभार्यां विलोक्य च ॥
प्रोवोचे वांछितं वाक्यं नत्व बद्धांजालिस्तदा॥२१॥

એ વહાણમાંથી ઉતરેલા સિપાઇએ રત્નપુર નગ-
રમાં જઈ સાધુ વાણિયાને ઘેર સાધુ વાણિયાની સ્ત્રીને
જોઇને તેની આગળ હાથ જોડયા તે વખતે સ્ત્રી પોતાના
સ્વામી તથા જમાઇ આવવાની ઇચ્છા કરતી હતી. ૨૧

निकटे नगरस्व जामात्रा सहितो वणिक् ॥

आंगतो बंधुवर्गैश्च वित्तेश्च बहुभिर्युतः ॥२२॥

તે સમયે એ સિપાઇએ કહ્યું કે 'આપના નગરની સમીપમાં જમાઇ તથા બંધુવર્ગ સાથે તમારા સ્વામિ ઘણું ધન કમાઇને આવ્યા છે.' ૨૨

श्रुत्वा दूतमुखाद्वाक्यं महाहर्षवती सती ॥
सत्यपूजां कुरुष्वेती प्रोवाच तनुजां प्रती ॥२३॥

એ સિપાઇના મોંનું બોલવું સાંભળીને એ સતી વાણિયાની સ્ત્રી ઘણીજ હર્ષવાળી થઇ અને શ્રી સત્યદેવનું તેજ વખતે પુજન કરી પોતાની કન્યાને કહેવા લાગી કે "તું સત્યનારાયણની પૂજા કર અને ૨૩.

व्रजामि शीघ्रमागच्छ साधुसदर्शनाय च ॥
इती मातृवचः श्रुत्वा व्रतं कृत्वा समाप्य चा ॥२४॥

એ મહારી વહાલી કન્યા હું સ્વામિના દર્શન માટે પ્રથમ જાઉં છું, તું તારા બાપના દર્શન કરવા આવ' એવું માનું વચન સાંભળીને કલાવતી કન્યાએ સત્યનારાયણના વ્રતની સમાપ્તિ કરી. ૨૪.

प्रसादं च परित्यज्य गता सांपी पती प्रती ॥
तेन रुष्टः सत्यदेवो भर्तारं तरणिं तथा ॥२५॥

અને પ્રસાદ લીધા વગર પોતાના સ્વામીનું દર્શન

કરવા તત્પર થઇને ગઇ. એ અપમાનને કરીને શ્રીસત્ય-
દેવ તેના ઉપર કોપાયમાન થયા અને તેના સ્વામિ જે
વહાણમાં હતો તથા જે બધું ધન હતું તેજ વહાણ જ-
માઇ અને ધન સાથે. ૨૫

संह्लत्य च धनैः सार्धं जले तत्रावमज्जयत् ॥
ततः कलावती कन्या न विलोक्यनिजं पतिम्॥२६॥

દરિયામાં અદ્રશ્ય થઇ ગયું તે પછી ઘણીજ જલ્દીથી
આવેલી કલાવતી કન્યાએ પોતાના સ્વામિને દીઠો નહિ.

शोकेन महता तत्र रुदतो चापतद्भुवी ॥
दृष्ट्वातथाविधां नावं कन्यां च बहुदुःखिताम् ॥२७॥

તે ઉપરથી તેને એટલું તે દુઃખ અને ક્ષોભ થયો
કે જેમ પવનથી કેળનું ઝાડ એકદમ ભોંય ઉપર પડે
છે. એમ એકાએક રોતીરોતી ભોંય ઉપર પડી. આ
પ્રમાણે વહાણનો તથા કન્યાનો હેવાલ જોઇ ૨૭.

भीतंन मनसा साधुः किमाश्चर्यमिदं ह्यभूत ॥
चिंत्यमानाश्च ते सर्वे बभूवुस्तरिवाहकाः ॥२८॥

ગભરાઇ ગયેલા મનનો સાધુવાણિયો કહેછે કે આ
શું આશ્ચર્ય છે,તેમ વહાણવાળા પણ ગભરાઇ ગયા.૨૮

ततो लीलावती कन्यां दृष्ट्वा सा वीह्ललाभवेत् ॥

वीलल्लापतीदुःखेन भर्तार चेदमब्रवात् ॥२९॥

પછી લીલાવતી પોતાની કન્યાને ભયભીત થયેલી જોઇ, ઘણોજ વિલાપ કરી પોતાના સ્વામિને કહેછે. ૨૯

इदानीं नौकया साधं कथं सोऽभूदलक्षितः ॥
न जाने कस्य देवस्य हेलया चैव सा हृता ॥३०॥

"જોતાજોતામાં વહાણોમાં આપણો જમાઇ વહાણુ સાથે અદ્રશ્ય થઈ ગયો એમાં કાંઈ પણ કારણ છે અથવા કોઇ દેવનો અપરાધ થવાથી એ દેવે એ વહાણુ હરણરૂપ અદ્રસ્ય કર્યું હોય ! ૩૦

सत्यदेवस्य माहात्म्यं ज्ञातुं वा केन शक्यते ॥
इत्युक्त्वा वीलालपैव ततश्च स्वजनैः सह ॥३१॥

અથવા શ્રી સત્યદેવનું મહાત્મ્ય જાણુવાને કોણુ શક્તિમાન છે' એવું કહિને ઘણા લોકોને મળીને ઘણો શોક કરી રડવા લાગી. ૩૧

ततो लीलावती कन्यां क्रोडे कृत्वा रुरोद ह ॥
तत कलावती कन्या नष्टे स्वामीनी दुखीता॥३२॥

અને પછી પોતાની કન્યા કલાવતિને ખોળે બેસાડી ઘણા વખત સુધી દુઃખથી રડવા લાગી, તે જોઇ કલાવતિએ પોતાનો સ્વામિ મરી ગયો છે, એવું ધારિને

गृहीत्वा पादुके तस्यानुगंतु च मनौ दधे ॥
कन्याश्वरीतं दृष्ट्वा सभार्यः सज्जनो वणीक् ॥३३॥

પોતાના સ્વામિનિ પાદુકાયો લેઇ તે સાથે પોતે સતિ થવાને તૈયાર થઈ. એમ કન્યા કલાવતિનો પોતાના સ્વામિની પાદુકાઓ સાથે બળી મરવાનો નિશ્ચય જોઈ સ્ત્રી સાથે સાધુવાણિયો. ૩૩

अतीशोकेन संतप्ताश्चिंतयामास धर्मवीत् ॥
ह्वतं वा सत्यदेवेन भ्रांतोऽहं सत्यमायया ॥३४॥

ઘણા શોકથી ત્રાસ પામેલો એવો ધર્મ-વિચારથી ચિન્તા કરીને બોલે છે શું ? શ્રી સત્યદેવે તો એનું હરણ કર્યું નહિ હોય અને એમની માયાથી મોહિત થઇને તો વ્રત હું જાણતો નથી. ૩૪

सत्यपूजां करीष्यामी यथाभववीस्तरैः ॥
इती सर्वान्समाहुय कथायित्वा मनोरथम् ॥३५॥

તો કામને વાસ્તે ઘણું જ ધન ખરચીને એ શ્રી સત્યદેવનું વૃત કરીશ એવું બધા જણને પાસે બોલાવિ પોતાનો મનોરથ કહ્યો. ૩૫

नत्वा च दंडवद्भूमौ सत्यदेवं पुनः पुनः ॥
ततस्तुष्टः सत्यदेवो दीनानां परिपालकः ॥३६॥

અને શ્રી સત્યદેવને વારે ઘડીયે દંડવત નમસ્કાર કરવા લાગ્યો ત્યારે શ્રી સત્યદેવ જે દીનજનોને પાળવાને સમશેર ફેરવનારા છે તે સંતુષ્ટ થયા. ૩૬

जगाद वचनं व्योन्मी कृपया भक्तवत्सलः ॥
त्यक्त्वा प्रसादं ते कन्यापतिं द्रष्टुं ते ममागता॥३७॥

આકાશમાંથી ગંભીર વાણિથી સાધુવાણીયાનેભક્તવા ત્સલભગવાન કૃપાથી કહેવા લાગ્યા કે અરેહે સાધુવાણિયા ! તારી કન્યા મારૂ પુજન કરીને પ્રસાદ ખાધાવગર પોતાના સ્વામિને જોવાને મોહથિ ઉતાવળથકી આવી.

अतोऽदृष्टोऽभवतस्याः कन्यकायाःपतीध्रुवम् ॥
गृहं गत्वा प्रसादं च भुक्त्वा सायति चत्पुनः॥३८॥

આ કારણથી તેનો સ્વામિ આ સમુદ્રમાં અદ્રશ્ય થયો છે એમાં કાંઇ સંદેહ નથી તે માટે જો એ ઘેર જઇ પ્રસાદ ખાઇ પાછી આવશે. ૩૮

लब्धमर्त्री सुता साधो भवीष्यती न संशयः ॥
कन्यका तादृशं वाक्यं श्रुत्वा गगनमंडलात्॥३९॥

તો આ તારી કન્યા તેના સ્વામિને જોશે એમાં લગારે પણ તું સંદેહ માનિશ નહીં. ૩૯

क्षिप्र तदा गृहं गत्वा प्रसाद च बुभोज सा ॥

सा पश्चात्पुनरागत्य ददर्शन सजनं प्रतिम् ॥४०॥

એવા અશરીર આકાશમાંના વાક્યો સાંભળતાંવાર જ કલાવતી જલદીથી પોતાને ઘેર જઇ, પ્રસાદ ખાઇ પાછી આવતાં સ્વામી તેનો નજરે પડયો. ૪૦

ततः कलावती कन्या जगाद पितरं प्रति ॥
इदानिं च गृहं याहि विलंब कुरुषे कथम् ॥४१॥

તે પછી એ કલાવતી કન્યા પોતાના બાપને કહે છે કે "હે તાત! હવે જલદી આપ ઘેર પધારો શા માટે વિલંબ કરો છો. ૪૧

तच्छ्रुत्वा कन्यकावाक्यं संतुष्टोऽभूद्वणिकसुतः ॥
पूजनं सत्यदेवस्य कृत्वा तत्र विधानतः ॥४२॥

એવું કન્યાનું મધુર ભાષણ સાંભળીને સાધુવાણિઓ આનંદ પામ્યો અને પછી વિધિવિધાનથી શ્રીસત્યદેવનું પુજન કર્યું. ૪૨

धनैर्बंधुगणैः सार्धं जगाम निजमंदिराम् ॥
पौर्णमास्यां च संक्रांतौ कृत्वान्सत्यपूजनम् ॥४३॥

અને ઘણું ધન અને પોતાના સગાવહાલાં ઇષ્ટમીત્ર સાથે પોતાને ઘેર આવ્યો અને તે પછી દરેક પુનમે સુર્ય

સક્રાંતિના દિવસે શ્રીસત્યદેવનું પુજન કરતો હતો. ૪૩

इह लोके सुखं भुक्त्वा चांते सत्यपुरं ययौ ॥४४॥

તે થકી એ સાધુવાણીઓ આ મનુષ્ય લોકમાંના સર્વસુખ ભોગવી અને મરણ પછી શ્રીસત્યપુરના વિશે ગયો. ૪૪

इति सत्यनारायणव्रतकथायां चतुर्थोऽध्यायः ॥४॥

अध्याय ५ मो.

॥ सुत उवाच ॥

अथान्यच्च प्रवक्ष्यामिशृणुध्वं मुनिसत्तमाः ॥
आसीत्तुंगध्वजो राजा प्रजापालनतत्परः ॥ १ ॥

સુતજી કહે છે કે હે મુનીશ્રેષ્ઠજી! શ્રીસત્યદેવ વિશેએથી પણ બીજો એક ઇતિહાસકહુ છું તેસાંભળોપૂર્વે અંગધ્વજ નામનો રાજા પ્રજાનું પાલન કરવાને તત્પરએવોહતો.

प्रसादं सत्यदेवस्य त्यक्त्वा दुःखमवाप सः ॥
एकदा स वनं गत्वाहत्वा बहुविधाशशून ॥ २ ॥

એ રાજાએ શ્રીસત્યદેવનો પ્રસાદછાંડયોઆદોષથી ઘણો જ દુઃખ પામ્યો તે એવું કે એક દીવસે રાજા હરણનો શીકાર કરવા વનમાં જઇ ઘણા પશુને મારિ. ૩

आगत्य वटमुलं च दष्ट्वा सत्यस्य पूजनम् ॥
गोपाः कुर्वंति संतुष्टा भक्तियुक्ताः सबांधवाः ॥३॥

એક વડના ઝાડ નજીક આવ્યો અને સત્યદેવનું પુ-
જન થતું તેણે જોયું આ પુજન ગોપગણ એટલે ગોવાળી-
યા સર્વે પોતાના ભાઇબંધો સાથે ભક્તીથી કરતા હતા.

राजा दृष्टा तु दर्पेण न गत्वा तं नताम सः ॥
ततो गोपतणाः सर्वे प्रसादं नृपसन्निधौ ॥ ४ ॥

તે જોઇને પણ રાજા તેમની પાસે ગયો નહિ તેમ
દુરથી તેણે નમૃતાથી નમસ્કાર કર્યો નહિ, તો પણ એ
ગોપગણોએ પૂજા કર્યા પછી પ્રસાદ રાજાની પાસે મૂક્યો.

संस्थाप्य पुनरागत्य भुक्त्वा सर्वे यथेप्सितम् ॥
ततः प्रसादं सत्यज्या राजा दुःखमवाप सः ॥ ५ ॥

બધા પાછા આવ્યા અને પ્રસાદ ખાઇ પરમ આ-
નંદમાં રહ્યા. આણીગમ રાજાએ પ્રસાદ ન લેતાં ત્યાંજ
રહેવા દિધેલો, એ કારણથી એ ઘણુંજ દુઃખ પામ્યો.

तस्य पुत्रशतं नष्टं धनधान्यादिक च यत् ॥
सत्यदेवन सत्सर्वं नाशितं मम निश्चितम् ॥ ६॥

તેના સો પુત્રો મરી ગયા ધન-ધાન્ય ઇત્યાદિ જે
કાંઇ હતું તે બધું જતું રહ્યું ત્યારે તે રાજાને મનમાં
વિચાર ઉત્પન્ન થયો કે, મારૂં આ સર્વ શ્રી સત્યદેવેજ
નિશ્ચય હરણ કર્યું છે. ૬.

अतस्तत्रैव गच्छामि यत्र देवस्य पूजनम् ॥
ममसा तु विनिश्चत्य ययौ गोपालसंनिधौ ॥ ७ ॥

આ માટે હવે જ્યાંસત્યદેવનું પુજન હશે ત્યાં હું જઈશ, એવું મનમાં લાવીને રાજાગોપગણપાસે આવ્યો.

ततोऽसौ सत्यदेवस्य पूजां गोपगणैः शह ॥
भक्तिश्रद्धान्वितो भूत्वा चकार विधिना नृतेः ॥८॥

અને ભક્તિથી એ ગોપગણ સાથે શ્રી સત્યદેવનું પુજન કરવા લાગ્યો.

सत्यदेवप्रशादेन धनपुत्रान्वितोऽभवेत् ॥
इह लोके सुखं भुक्त्वा चांते सत्यपुरं ययौ ॥९॥

તે પછી શ્રી સત્યદેવના પ્રસાદથી એ રાજા ધન તથા પુત્રવાન થયો અને તે રાજા મનુષ્યલોકમાં સર્વ સુખ ભોગવીને અંતે સત્યપુરના વિષે ગયો. ૯

य इद कुरुते सत्यव्रतं परमदुर्लभम् ॥
शृणोति च कथां पुण्यां भक्तियुक्तः फलप्रदाम् ॥१०॥

આવું ઘણું દુર્લભ શ્રીસત્યનારાયણનું વ્રત છે તેને જે કોઈ સ્વીકારે છે અથવા જે કોઈ ભક્તિપુર્વક

પુણ્ય અને ફળ આપનાર આવી આ શ્રી સત્યનારાયણ-નિ કથા સાંભળે છે. ૧૦

धनधान्यादिकं तस्य भवेत्सत्यप्रसादतः ॥
दरिद्रो लभते वित्तं बद्धो मुच्येतः बंधनात् ॥११॥

તેને ભગવાન શ્રી સત્યદેવના પ્રસાદથી ધન સંપત્તિ પ્રાપ્ત થાય છે દરિદ્ર હોય તેને ધન લાભ થાય છે. બંધીખાને પડયો હોય તો તેથી મુક્ત થાય છે. ૧૧

भीतो भयात्प्रमुच्येत सत्यमेव न संशयः ॥
ईप्सितं च फलं भुक्त्वा चांते सत्यपुरं व्रजत् ॥१२॥

જેને ભય પ્રાપ્ત થયું હોય તો તે ભય થકી મુક્ત થાય છે એમાં કાંઇ પણ સંદેહ નથી શ્રી સત્યદેવનું વ્રત કરનાર માણસ આ લોકના વિષે સર્વે સુખ ભોગવીને અંતે સત્યપુર એટલે વૈકુંઠના વિષે જાય છે, ૧૨

इति वः कथितं विप्राः सत्यनारायणव्रतम् ॥
यत्कृत्वा सर्वदुःखेभ्यो मुक्तो भवति मानवः ॥१३॥

સુતજી કહે છે, હે શૌનક આદિ ઋષીઓ ! આ પ્રમાણે આ સત્યનારાયણનું વ્રત કર્યા થકી માણસ સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

विशेषतःकलियुगे सत्यपूजा फलप्रदा ॥
कश्चित्कालं वदिष्यंति सत्यमीशं तमेव च ॥१४॥

તેમાં મુખ્યત્વે કરીને આ ઘોરકલિયુગમાં ફળ આપનાર આ શ્રી સત્યનારાયણુને (સત્યઈશ) એવું કહે છે.

सत्यनारायणं केचित्सत्यदेवं तथापरे ॥
नानारूपधरो भूत्वा सर्वेषामीप्शितप्रद ॥१५॥

કોઈ સત્ય નારાયણુ કહે છે, કોઈ સત્યદેવ કહે છે, શ્રી સત્યદેવ ભગવાન અનેક રૂપે ભકતોનાં ઇચ્છિત પૂર્ણ કરે છે. ૧૫

भविष्यति कलौ सप्त्यव्रतरूपो सनातनः
य इदं पढते नित्यं शृणोति मुनिसत्तमाः ॥
सत्यं नश्यंति पापानि सत्यदेवप्रसादतः ॥१६॥

આ સત્યનારાયણુ વ્રત કથાનો જે કોઇ નિત્યપાઠ યા શ્રવણુ કરે તો તેનાથી સત્યદેવના પ્રસાદથી સર્વ પાપો જતાં રહે છે. ૧૬

इति सत्यनाराण कथायां पंचमोऽध्यायः ॥५॥


श्रीसत्यनारायणार्पणमस्तु ॥ शुभं भवतु ॥

સત્યનારાયણની આરતી.

જય કમળા સ્વામી જય કમળા સ્વામી;
સત્યનારાયણ સ્વામી (૨) વિભુ વર બહુ નામિ. જય.
ભિન્ન ભિન્ન રૂપ ધરેલ, ભકતો ભય હરવા, પ્રભુ૦
પ્રતાપ પ્રસર્યો પ્રભુ તવ, (૨) જગનું જય કરવા. જય૦
સુંદર રૂપ સ્વરૂપ, પ્રભુ અમને પ્યારૂં, પ્રભુ૦
દર્શન કરવા નિત્યે (૨) મન દોડે મારૂં. જય૦
ગાયે ગુણ અપાર શુક શૌનક આદી, પ્રભુ૦
મહિમા મહિમા મોટો, (૨) સેવે બ્રહ્માદી. જય૦
ગુરૂડાસન પર દેવ, શોભે સુખરાશિ, પ્રભુ૦
સહાય સર્વની કરવા, (૨) તત્પર અવિનાશી જય૦
આ કળીકાળે આપ, છો પ્રત્યક્ષ સદા, પ્રભુ૦
કૈ દીનને દર્શન દઇ, (૨) કરવા સુખ સદા, જય૦
શતાનંદનું કાર્ય, પ્રેમ પુર્ણ કર્યું, પ્રભુ૦
ધન સંપતી સઘળી દઇ (૨) વિપ્રનું કાર્ય સર્યું. જય૦
કઠીયારાના નાથ, કોડે કષ્ટ હર્યા, પ્રભુ૦
દુઃખ દરિદ્ર હઠાવી, (૨) ભીલના ભાગ્ય કર્યા. જય૦
ઊલ્કામુખ મહિપતિની લજ્જાને રાખી, પ્રભુ૦
ભદ્રશીલાને ભાવે, (૨) સ્નેહ સાંકળ નાંખી. જય૦

સાધુ વણીક શ્રીપુર, તેને બહુ તાર્યો. પ્રભુ૦
ભુલ ભયંકર તેની; (૨) તેથી નવ ફાવ્યો. જય૦
કળાવંતિનાં કષ્ટ ધ્યાન દઇ પ્રીતે; પ્રભુ૦
લીલાવંતીને ભાવે; (૨) સહાય થયા નિત્યે. જય૦
ગોપમંડળી ઘેર; અંગધ્વજ આવ્યો પ્રભુ૦
પ્રસાદ પડતો મેલ્યો (૨) હરીએ લઇ તાર્યો, જય૦
શત પુત્રોનો નાશ થયો અનાદરથી પ્રભુ૦
પ્રસાદ જવ લીધો તવ (૨) શુભ થયું શ્રીવરથી જય૦
અનેક એવા ભક્ત તાર્યા ભાવ થકી પ્રભુ૦
અમને પણ અર્પોને (૨) સત્યદેવા સુમતિ. જય૦
સર્વ શક્તિ સર્વેશ દશ દિશ રહી જામી, પ્રભુ૦
જગ ધામી ભયવામી (૨) જરી નહિ જામી, જય૦
અધર્મ ઉધારણ નાથ; કારણ નિષ્કામી, પ્રભુ૦
ખલદામી સહુ ઠામી (૨) મતિ ગતી નવ પામી જય૦
પ્રેમ થકી જે ભક્ત, સત્યનારાયણ સેવે. પ્રભુ૦
શ્રી આયુષ્ય કીર્તિ સુત, (૨) જગપતિ સુખ દેવે જય૦
કથા શ્રવણ કરી, ભક્ત આ આરતી ગાશે. પ્રભુ૦
કૈક જન્મના પાપો (૨) પ્રલ્લે તો થાશે. જય૦
સરણાંગત શ્રીદેવ સત્યનારાયણજી. પ્રભુ૦
છગનલાલ ગાયે છે, (૨) ભક્તિ ભાવ સજી. જય૦

વાંચો સચિત્ર નરસીંહ મેહતો ભાગ ૧ ૨ દરેકના ૦ ૧૦–૦



બુકસેલર રણછોડલાલ મોતીલાલ અમદાવાદ.